RNI No. 22805 / 1973

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈનું મુખપત્ર

# સોરઠ વિશાશ્રીમાળી

(SORATH VISASHRIMALI )

Vol. : 49 Issue No. : 4-5 ⁕ Mumbai ⁕ April - May 2022 ⁕ Gujarati - Monthly ⁕ ⁕ Pages 44 ⁕ Price : Rs. 8/-










**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઇ દ્વારા**
**તા. ૨૧.૫.૨૦૨૨ શનિવાર સાંજે ૬.૩૦ વાગ્યે યોજાયેલ**
**કેળવણી સહાય મીલન સમારંભ ની એક ઝલક.**
**વિગતવાર અહેવાલ આવતા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.**

# એપ્રિલ માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

## જીવ્યા થોડું, જીતી ગયા ઘણું



**શ્રી ચુનીલાલભાઈ ગોપાલજી વસા**

શ્રી ચુનીલાલ ભાઈનો જન્મ મજેવડી મુકામે સં. ૧૯૭૪ના ભાદરવા વદી-૨ને સોમવાર તા. ૯-૮-૧૯૧૮ના રોજ થયો હતો. બચપણ વતન મજેવડીમાંજ વિતાવ્યું. સં. ૧૯૯૪ના વૈશાખ વદ-૧૩ને શુક્રવાર તા. ૨૭-૫-૧૯૩૮ના રોજ ૨૦ વર્ષની ઉંમરે મુંબઈ કમાવા આવ્યા. શરૂઆતમાં મુંબઈના શાપરીયા ડોકમાં નોકરી કરી. પણ મનમાં નિશ્ચય કર્યો હતો કે પોતાનો સ્વતંત્ર ધંધો કરી જીવનમાં આગળ વધવું. પોતાની આગવી કુશળતા, સાહસ અને બુદ્ધિશક્તિથી સૌ પ્રથમ મલાડમાં એક નાનું એવુ લેથ મશીન બનાવવાનું કારખાનું શરૂ કર્યું. ત્યારબાદ અપ્રિતમ સફળતા હાંસલ કરીને કાંદિવલી (વેસ્ટ)માં જમીનનો પ્લોટ લઈને જાત-મહેનતથી દવાની ગોળીને સ્ટ્રીપમાં પેકીંગ કરવાના અતિ આધુનીક ઓટોમેટીક મશીન બનાવવાનું ચાર માળની ફેક્ટરી બનાવી જેનું તેને મે. જેમકો ચક્ર મેન્યુ. વર્કસ નામ આપ્યું હતું.

ચુનીલાલભાઈના લગ્ન સં. ૨૦૦૧ના મહાસુદ ૧૦ના તા. ૨૩-૧-૧૯૪૫ના રોજ મોટી મારડ નિવાસી શ્રી કાનજી નેમચંદ શાહની સુપુત્રી નિર્મળાબેન સાથે મોટી મારડ મુકામે થયેલ હતાં. તેમના ધર્મ પત્નીનો જીવનમાં ૬૮ વર્ષનો સાથ રહ્યો હતો. પરિવારમાં ત્રણ દીકરાઓ અને છ દીકરીઓ. તેમના બીજા નંબરના દીકરી વર્ષા બહેન ઉપર તેમને બહુ હેત અને પ્રેમ હતાં એટલે તેઓ તેમને ''ભગવાન'' કહેતા. અને આ ભગવાને જ તેમની જીવન પર્યંત સેવા ચાકરી કરેલ હતી.

ચુનીલાલભાઈ તા. ૧૭-૪-૨૦૧૩ના રોજ વિલે પારલે (ઈ) ખાતે અરિહંત શરણ પામ્યા. તેમની યાદમાં તેમની સુપુત્રી વર્ષાબેને પુણ્યના ઘણાં શુભ કાર્યો કર્યા. ભાવનગરના પાંજરાપોળમાં ગાયોનો વાડો બંધાવ્યો અને ત્યાં પાણીનો પંપ અને મોટર મુકાવી ચોખ્ખા પાણીનું પરબ બંધાવ્યું. ભાવનગરની ગાયત્રી સોસાયટીના દેરાસરમાં સોનેરી શત્રુંજય તીર્થનો પટ અને જૂનાગઢ-ગીરના નેમિનાથદાદાનો પટ બનાવડાવી પ્રતિષ્ઠા કરેલ છે. રાજકોટની શેઠ શ્રી દેવકરણ મૂળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડિંગમાં તખ્તીઓ મુકાવવા માટે યોગદાન આપેલ છે. શ્રી શુભેચ્છક મિત્ર મંડળ-મુંબઈમાં રૂા. ત્રણ લાખનું યોગદાન અનાજ વિતરણ યોજનામાં આપેલ છે. ચૈત્ર સુદ-૭ના વાપીની બાજુના ૨૨ ઘરના ગામને દત્તક લીધેલ છે. આ રીતે તેમના સ્મરણાર્થે તેમના પરિવારને પ્રેરણા મળતી જ રહે.

**તેમના સમગ્ર પરિવાર તરફથી પ્રાર્થનાઃ**

દેહનો વિલય થાય છે પરંતુ આત્માનો વિલય થતો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિનો ક્યારેય વિલય થશે નહીં. આપે વિદાય લીધી, સંકેલી લીધી માયા, મહેનત કરી કમાયા, કુટુંબના વડીલ તમે, ગુમાવી અમે છત્ર છાયા. કાળે જુદા પાડ્યા ભલે પણ હૃદયે રહેશો સમાયા, એક પણ દિવસ એવો પસાર નથી થયો કે પૂજ્યશ્રી આપની યાદ ન આવી હોય.

વહી જતાં સમયના વહેણમાં એક એક પળ યાદ કરતાં આપની વસમી વિદાયને આજે બે વર્ષ વિતિ ગયા છતાં આપની સ્નેહભરી સ્મૃતિઓ અને સુસ્મરણો થકી યશસ્વી જીવનની યાદગાર પળો ક્ષણભર પણ ભુલાતી નથી. નથી થતો હજી પણ આ આ હૃદયને વિશ્વાસ કે તમે ઘરના ખૂણે ખૂણામાં તમારી સુવાસ, હજી થાય છે હરપળ તમારો આભાસ રહેશે તમે સદા અમારી સાથ.

જીવ્યા થોડું જીતી ગયા ઘણું, ન જાણ્યુ જાનકી નાથે સવારે શું થવાનું છે. નહોતી ખબર કે આટલું વહેલું તમારે જવાનું છે, પણ આપ ગયા તે રીતે કોઇ જતુ નથી. અમારા મસ્તક પર રાખજો સદા તમારો હાથ સહ નતમસ્તકે શ્રદ્ધા સુમન આપને યાદ કરનાર પરિવારજનોઃ

જીવન સંગીની નિર્મળાબેન ચુનીલાલ વસા, પુત્રો-પુત્રવધુઓ, દીકરીઓ-જમાઈઓ. હઃ વર્ષાબેન ચુનીલાલ વસા.

ચુનીલાલભાઈ તેમના પરિવારની ઉત્કૃષ્ટ સેવા બદલ તેમનું જીવન તેમના પરિવાર માટે દિવાદાંડીસમ બની રહેશે તેમજ શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈ તેમના પરિવારજનોના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભ-ભાવના.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**

૪, દેવકરણ મેન્શાન, બિલ્ડિંગ નં. ૭, બીજે માળે, ૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**For Website Registration Mobile No. 9321775805**

**ફોન : ૦૨૨-૨૨૦૬૯૧૭૨**

સમય : બપોરે ૧-૦૦થી સાંજે ૬-૦૦ (1.00 pm to 6.00 pm)

Email : svjainsamajmumbai2@gmail.com-data@svjainsamaj.com

www.svjainsamaj.com

**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર** મો. **૭૦૨૧૨૦૧૨૮૦**



### સમાજની કારોબારી સમિતિ

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા ---------------------------- પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા -------------------- ત.ભૂ. પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા -----------------------------ઉપ પ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા ---------------------- માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી ------------------ માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ------------------------- ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર-------------------મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા ------------------------------ સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી---------------------------- સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી ------------------------------ સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મેહતા ---------------------------સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા ------------------------------ સભ્ય
શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી ------------------------------ સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા ---------------------------- સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા -------------------------------- સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા ---------------------------------સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા --------------------------- કો-ઑપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા -------------------------- કો-ઑપ્ટ



**BANK DETAILS:**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER : Bank of Baroda, M. J. Market, Mumbai-3**
**S. B. A/c No. 03870100000044**
**IFSC : BARB0BULLIO MICR : 40012047**

**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER: UNION BANK OF INDIA**
**Princess Street, Mumbai - 400 002**
**S.B.A/c. No. 319102010054364**
**IFSC : UBIN0531910**

**કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે**

**Auditor : Viren Vasa & Associates**
**Chartered Accountants, Mumbai**

**લવાજમના દરો** **ભારતમાં**

વાર્ષિક : રૂા. ૧૦૦/- આજીવન રૂા. ૧૫૦૦/-

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ **અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ-નીતિનભાઈ બદાણી**
સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડિંગની પાછળ, નાયડુ કોલોની પાસે,
પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૫ **ફોન : ૯૨૨૩૪૩૦૪૧૫**



# શ્રી સોરઠ વિશાશ્રીમાળી

**અંક - ૪-૫ ⊙ વર્ષ : ૪૯ ⊙ એપ્રિલ-મે ૨૨ ⊙ મૂલ્ય રૂા. ૮**


## ગુજરાતી ભાષા જાય તો !

ભાષા જાય એનું દુ:ખ છે. પણ ભાષા જાય ત્યારે બીજું અને મોટું દુ:ખ અને ચિંતા એ છે કે ભાષા જાય ત્યારે એકલી નહિ જાય. ભાષા જાય, માતૃભાષા જાય, દેશની અને કુટુંબની અને બાપદાદાઓની ભાષાઓ કુટુંબના સભ્યોમાંથી જાય, એની આવડત જાય, એની સમજણ જાય. એનો ઉપયોગ જાય ત્યારે એની સાથે મુળ દેશ સાથેનો સંપર્ક જાય, વારસાગત સંસ્કૃતિ સાથેનો સંપર્ક જાય, મુળિયાં જાય, ઈતિહાસનો અને ભુતકાળનો અને હૃદયનો એક કટકો જાય, એ મોટી ખોટ છે.

ભાષા અને સંસ્કૃતિ એકબીજાની સાથે એવી તો સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય. ભાષા એ સંસ્કૃતિનું તટસ્થ વાહન નથી, એની સાથે ઓતપ્રોત છે, વણાયેલી છે. એક થયેલી છે. આર્ય સંસ્કૃતિ આર્ય ભાષાઓમાં જ ટકે. એક પ્રયોગ કરવો હોય તો ગીતાજીનાં 'સ્થિતપ્રજ્ઞ લક્ષણો' લઈને એનું અંગ્રેજી ભાષાંતર વાંચો. બોલો, તમારું દિલ એમાં બેઠું, ભક્તિ જામી, ધ્યાન લાગ્યું ? સ્થિતપ્રજ્ઞ લક્ષણો તમે ગુજરાતીમાં બોલો અને (સંસ્કૃત આવડે તો સંસ્કૃતમાં) ત્યારે દિલમાં અનેરા આનંદ, શાંતિ, સાત્ત્વિકતાનો અનુભવ કરો છો. અંગ્રેજીમાં વાંચો ત્યારે એવું કશું લાગતું નથી. ભાષાના પ્રભાવ છે. ભાષાનું જોર છે. તે જે સંસ્કૃતિમાંથી આવી છે એની સામે એકરૂપ થયેલી હોય છે, માટે એ જો જાય તો એના સંસ્કારો પણ ઘસડીને લઈ જાય. ભાષા ઊપડે તો પોતાના સામાન લઈને ઊપડે અને ભાષાનો સામાન એટલે સંસ્કૃતિ ગુજરાતી ભાષા જાય તો ભારતીય સંસ્કૃતિને પણ સાથે લઈ જાય. એ કંઈ ઓછું જોખમ નથી.

- ***સાભાર***

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ – મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ – ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના

### એપ્રીલ ૨૦૨૨ માસના અનાજ વિતરણમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ



શેઠ શ્રી મનસુખલાલ માણેકચંદ વોરા

શેઠ શ્રી મનસુખલાલ
માણેકચંદ વોરા
પરિવારના સૌજન્યથી



શ્રીમતી કાન્તાબેન મનસુખલાલ વોરા



શેઠ શ્રી શાંતિલાલ કાલિદાસ શેઠ

શેઠ શ્રી શાંતિલાલ કાલિદાસ શેઠ
પરિવારના સૌજન્યથી



શ્રીમતી જશવંતીબેન શાંતિલાલ શેઠ

### મે ૨૦૨૨ માસના અનાજ વિતરણમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ



શેઠ શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ

શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ
પરિવારના સૌજન્યથી



શ્રીમતી દયાબેન ચંદુલાલ શાહ

### મસાલા વિતરણનાં ભાગ્યશાળીઓ



શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી

શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી
પરિવારના સૌજન્યથી



શ્રીમતી કુસુમબેન હરિલાલ ભીમાણી



# તંત્રીસ્થાનેથી

## કેટલીક બાબતોમાં બુદ્ધિશાળી નિષ્ફળ અને બુદ્ધિહીન સફળ કેમ રહે છે ?

આપણે બુદ્ધિશાળી અંગે વિચાર કરીએ ત્યારે શિક્ષણ, પદવી, સભ્યતા વગેરેના માપદંડો સેવતા હોઈએ છીએ. ભણેલા-ગણેલામાં તર્કશક્તિ હોય, બધાં પાસાંનો વિચાર કરવાની ક્ષમતા હોય, ઉચિત નિર્ણય સમજી-વિચારીને લેવાનું ધૈર્ય હોય એમ સમજીને ચાલીએ છીએ.

પણ બુદ્ધિશાળી હોવા છતાં માણસમાં આત્મવિશ્વાસ, સાહસિકતા, હિંમત, સંઘર્ષો સામે ઝઝૂમવાનું આત્મબળ, કુનેહ, નિર્ણયશક્તિ ન હોય તો એવો માણસ સફળતા હાંસલ કરી શકતો નથી. ઘણી વાર વધારેપડતી ચીકાશ કરવાને કારણે જ્યાં બુદ્ધિશાળી માણસ પાછો પડે ત્યાં અલ્પમતિવાળો સાહસિક મેદાન મારી જતો હોય છે.

જેને આપણે બુદ્ધિહીન ગણતા હોઈએ છીએ તેવા લોકો જો આત્મશ્રદ્ધાયુક્ત સાહસિક અને પુરુષાર્થપ્રિય બનીને કામને જિદપૂર્વક વળગી રહે તો ઘણી વાર તેઓ વહેલા મોડા પણ સફળ થયેલા જોવા મળે છે.

ભણેલા-ગણેલા લોકો મોટે ભાગે 'પુસ્તકચીંધ્યા માર્ગે' આગળ વધતા હોય છે. તેવા લોકો સહજજ્ઞાન, અનુભવ અને કોઠાસૂઝને લીધે યથોચિત અને પ્રાસંગિક નિર્ણય લેવામાં કામિયાબ નીવડતા હોય છે.

ગાંડો કે ડાહ્યો ગણવાનાં માણસોનાં કાટલાં હોય છે, જે યુગેયુગે બદલાય છે. પોતડી પહેરી આઝાદી લેવા નીકળેલા ગાંધીને શું અંગ્રેજો ગાંડો નહોતા કહેતા? પૃથ્વી ગોળ છે એવું સત્ય ઉચ્ચારવા બદલ ગેલીલિયોને કારાવાસમાં બંદીવાન બનાવવામાં નહોતો આવ્યો ?

**શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર**
મો. ૭૦૨૧૨૦૧૨૮૦

# પુણ્યતિથિએ ભાવપૂર્વક હાર્દિક શ્રધ્ધાંજલિ







## છોડવડી (સોરઠ) નિવાસી
## સ્વ. શ્રી કાન્તીલાલ કપુરચંદ મહેતા

સ્વર્ગવાસ તા. ૧૪/૨/૨૦૧૧

જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આંખમાં અમી, દરિયા જેવું દિલ, મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ, વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી જીવવાની ભાવનાવાળા,સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડયું નહિ, હસ્તો રાખી ચહેરો, કાયમની લીધી વિદાય અને મૃત્યુને કર્યુ અમર. પૈસો આપતાં બધુ ખરીદી શકાશે પણ પિતાનું વાત્સલ્ય અને પ્રેમ ખરીદી શકાતો નથી.

હે પરમ કૃપાળુ પરમાત્મા, સદ્‌ગત આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પે એવી અમારા સહ પરિવારની પ્રાર્થના..

તમે આવ્યા અમારા જીવનમાં, ધુપછડી બની, સર્વત્ર મહેંકી યાદ તમારી આવતાં, આંખલડી છલકાય છે, જોઈ તસ્વીર તમારી, ઉઠયા આંસુ ઉભરાય છે.

તમારો પ્રેમાળ પરિવાર..

| | | |
|---|---|---|
| ધર્મપત્નિ | :- | મંજુલાબેન કાન્તીલાલ મહેતા |
| પુત્ર-પુત્રવધુ | :- | માયા જીતેન્દ્ર મહેતા /હર્ષા ભરત મહેતા / દિપા પરાગ મહેતા |
| પુત્રી-જમાઈ | :- | મીના હર્ષદરાય વારીચા / હર્ષા પ્રદીપકુમાર મહેતા / નયના કુમાર ઐયર |
| પૌત્ર-પૌત્રવધુ | :- | ઉર્વી કેજલ મહેતા / નિકિતા પારસ મહેતા |
| પૌત્ર | :- | ઋષભ, વિરલ, વિશાલ, સૂરજ, વિજય, મયુર |
| પૌત્રી | :- | હિરલ, દેવાંશી, હિલોની, કૃપા, રીટા, નેહા |
| પપૌત્રી -પુત્ર | :- | હસ્તી, હિયાંસ |

KAYAMI / February

### જૈન સમાજમાં સમર્પણ અને ત્યાગ હોવાથી સમૃદ્ધ છે

# સરસ્વતી પુત્રોએ લક્ષ્મીપુત્રોનું સન્માન કરતાં આનંદ થાય છે



મહારાષ્ટ્ર રાજ્યના મા. ગવર્નર ભગતસિંહજી સાથે
શ્રી ભુપેન્દ્રભાઈ મહેતા (બી. એન. મહેતા)



મહારાષ્ટ્ર રાજ્યના મા. ગવર્નર સાહેબ સાથે
જૈન શ્રેષ્ઠીવર્યો અને શ્રી ભુપેન્દ્રભાઈ મહેતા

મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા મહારાષ્ટ્રના માનનીય ગવર્નર સાહેબના શુભ હસ્તે બિપીનભાઈ ગાલા, નવનીત પ્રકાશન, વસંતભાઈ પ્રેમીનું રાજ્યભવનમાં સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના **પ્રમુખ ભુપેન્દ્રભાઈ મહેતાએ** સ્વાગત પ્રવચન કર્યું હતું. ઉપપ્રમુખ જયંતિલાલ શાહે સંસ્થાનો પરિચય આપ્યો હતો. અમારી સંસ્થા જૈન સમાજને જાગૃત રાખવાનું કાર્ય કરે છે. મહારાષ્ટ્ર રાજ્યના માનનીય ગવર્નર શ્રી ભગતસિંહ કૌશ્યરે જણાવ્યું હતુ કે, જૈન સમાજમાં સમર્પણ તથા ત્યાગની ભાવના રહેલી હોવાથી જૈન સમાજ સમૃદ્ધ છે. સમર્પણ અને ત્યાગ આપના જીવનમાં હશે તો સમૃદ્ધિ દોડતી આવશે. જૈન સરસ્વતી પુત્રોએ લક્ષ્મીપુત્રોનું બહુમાન કરતા આનંદ અનુભવુ છું. આ પ્રસંગે જૈનશ્રેષ્ઠી જવાહર મોતીલાલ શાહ, ભુપેન્દ્રભાઈ શાહ, પ્રશાંત ઝવેરી, નવીનભાઈ અદાણી તથા ડૉ. અરૂણાબેન પારેખ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિંતા-ગુસ્સો

ચિંતા શરીરનું નૂર અને મગજનું હીર ચૂસી લે છે. ચિંતાનો એક પૉઝિટિવ ગુણ એ કે પ્રમાણસર ચિંતા કરીએ તો ભવિષ્યમાં આવનારા પ્રસંગો માટે સમયસર સાવધ રહી શકીએ. ચિંતા કરવાથી કશું જ સિદ્ધ કર્યા વગર મનની અને તનની બન્નેની શક્તિઓ ખર્ચાઈ જાય છે. મનમાં એવી લાગણી ઊભી થાય કે આપણે કોઈ મોટી જવાબદારી નિભાવી રહ્યા છીએ. વાસ્તવમાં તો ખૂબ કામમાં હોય એવા માણસ પાસે ચિંતા પાછળ બગાડવા જેટલો સમય જ ફાજલ નથી હોતો. ચિંતાને કારણે વ્યક્તિને અણગમતાં, પણ અનિવાર્ય એવાં કામ ટાળવાની ટેવ પડી જાય છે. ક્યારેક ચિંતાતુર માણસને બીજાઓ તરફથી મળતી સાહનુભૂતિ ગમે છે. ક્યારેક માણસ આવી સહાનુભૂતિઓ બીજાઓ પાસેથી ઉઘરાવવા પોતે ચિંતાના બોજ હેઠળ દબાઈ ગયો છે એવો દેખાવ કર્યા કરે છે.

ચિંતાને નાથવાનો ઉત્તમ રસ્તો ચિંતાનું મૂળ પકડવાનો છે. અત્યારે થઈ રહેલી ચિંતાનો જન્મ ક્યાં, ક્યારે અને કેવી રીતે થયો એ ઘટનાને કે વિચારને તમારે તમારી જાતને પ્રશ્નો પૂછીને શોધી કાઢવા જોઈએ. સાઈક્રિયાટ્રિસ્ટ પાસે જશો તોપણ એ આ જ કરશે અને ફી લેશે. અમુક ચિંતાઓ વાજબી છે, પણ એ વાજબી ચિંતાઓનાં સંભવિત પરિણામથી ડર લાગતો હોય તો એ પરિણામ તમારા તરફી આવે એવા નક્કર પ્રયત્ન કરવા, માત્ર ચિંતા ન કરવી. કેટલાક કિસ્સાઓમાં પડશે એવા દેવાશે અથવા થઈથઈને શું થશે એવો વિચાર પણ માણસને ચિંતામુક્ત બનાવી શકે. ચિંતામાંથી છૂટવાનો શ્રેષ્ઠ ઈલાજ આ વિચારમાં છેઃ દુનિયા આખી માત્ર મારા વિચારો કે મારી ઈચ્છા અનુસાર જ ચાલે એ અશક્ય છે અને છેલ્લે ગુસ્સો, ગુસ્સાવાળી વ્યક્તિની હાલત મહાભારતના દુર્યોધન જેવી થાય છે. દુર્યોધનનું ધર્મની બાબતમાં જેવું હતું એવું જ આપણા બધાનું ગુસ્સાની બાબતમાં હોય છે. ગુસ્સો કેટલો ખરાબ છે તે જાણીએ છીએ છતાં એને ત્યજી શકતા નથી. ઠંડો મિજાજ કેટલો જરૂરી છે તે જાણીએ છીએ છતાં એવું આચરણ અમલમાં મૂકી શકતા નથી. એક વાત ખાસ યાદ રાખવાની કે ગુસ્સો કુદરતી છે. એની અતિરેકભરી અભિવ્યક્તિ અકુદરતી છે. દુર્યોધને ભગવાન કૃષ્ણને કહ્યું કે, હે કૃષ્ણ, ધર્મ શું છે તે હું જાણું છું, છતાંય ધર્મ કરી શકતો નથી અને અધર્મ શું છે તે પણ જાણું છું છતાંય તે છોડી શકતો નથી.

# આઠમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ
# સ્મરણાંજલિ



## સ્વ. ભારતીબેન કીર્તિભાઈ મહેતા

**સ્વર્ગારોહણ : તા. ૨૧-૪-૨૦૧૪ - (વડાલ હાલ : બોરીવલી)**

*સમય જિંદગીનો ઓછો હશે... ક્યાં ખબર હતી; વિદાય તમારી અણધારી થશે ક્યાં ખબર હતી*
*વિદાય પણ એવી કે વીસરાય નહીં.... જ્યાં કુદરત રૂઠી... કોને ફરિયાદ કરવી... ? ?*
*નાનીશી જિંદગી હતી પણ મોટી માયા લગાડી ગયા; થોડા, સમયમાં ઘણું આપી ગયા...*
*આપની અણધારી વિદાયને મહેતા પરિવાર અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપે છે,*
*અંજલિ આપતા હૈયું ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...*
*પરમાત્મા આપના દિવ્ય આત્માને શ્રી સીમંધર સ્વામીનું શરણ આપે એજ પ્રાર્થના...*

**સ્વ. શ્રી ભગવાનદાસ દામોદર મહેતા**
**સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા**
**કીર્તિભાઈ–દેવાંગ-કિંજલ-પ્રીશા-અનિકા-કૃપાબેન-મિતુલકુમાર**
**ગીરીશભાઈ-હર્ષાબેન તથા પરિવાર**
**હરિશભાઈ-જાગૃતિબેન તથા પરિવાર**
**ભાવનાબેન-ભરતભાઈ તથા પરિવાર**
**માયાબેન-સંજયભાઈ તથા પરિવાર**

## -: મહેતા પરિવાર :-

KAYAMI / APRIL

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી પાનેલી

**જય જિનેન્દ્ર**

મોટી પાનેલીના શ્રી શીતલનાથદાદાના જૈન દેરાસરની પ્રતિષ્ઠા સંવત ૨૦૦૬/ઈ. સ. ૧૯૫૦માં થઈ હતી. આજે ૭૨ વર્ષ પુરા કરી ૭૩માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ. હાલમાં પાનેલીમાં આપણા અલ્પ સંખ્યામાં ઘર હોવાથી આર્થિક ખર્ચને પહોચી વળવા માટે સંઘે નીચે મુજબની યોજના નક્કી કરેલ છે તો તેનો વધુમાં વધુ ધર્મપ્રેમીઓને પ્રભુ ભક્તિનો લાભ લેવા વિનંતી છે. આ વાર્ષિક યોજનાઓનો સમયગાળો વૈશાખ સુદ ૧૦થી બીજા વર્ષની વૈશાખ સુદ ૯ સુધીનો રહેશે.

૧) દેરાસરજી માટે કેસર, સુખડ, બરાસ વિગરેનો એક વર્ષનો નકરો રૂા.૧૧,૦૦૦/-

૨) દેરાસરજી માટે ઘી, દુધ, પંચામૃત વિગરેનો એક વર્ષનો નકરો રૂા. ૧૧,૦૦૦/-

૩) દેરાસરજી અને ઉપાશ્રયના નિભાવ માટે દર માસનો નકરો રૂા. ૧૧૦૦૦/-

લેખે કુલ ૧૨ દાતાઓ સર્વ સાધારણ ખાતે લાભ લઈ શકશે.

ઉપરોક્ત દરેક યોજનાઓના દાનવીરોના નામોની યાદી દેરાસરજીમાં બેનર બનાવીને મુકવામાં આવશે.

વિગતવાર માહિતી માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.

| | |
|---|---|
| રમેશભાઈ જી. વસા (રાજકોટ) | ૯૮૨૪૨૦૯૧૭૧ |
| જયેશભાઈ ડી. શાહ (રાજકોટ) | ૯૩૭૪૧૦૪૮૨૦ |
| કલ્પેશભાઈ બી. શાહ (ગોંડલ) | ૯૯૯૮૧૧૩૭૯૫ |
| પરેશભાઈ વી. શેઠ (પોરબંદર) | ૯૪૨૯૪૫૫૮૮૮ |

**લિ.**

**શ્રી મોટી પાનેલી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના સહબહુમાન પ્રણામ સ્વીકારશોજી**

**।। શ્રી શીતલનાથાય નમઃ।।**

## શ્રી વંથલી નગરે નિઃશુલ્ક ભોજનશાળા

વંથલી સોરઠ નગરે શ્રી શીતલનાથ ભગવાન તથા શ્રી પદ્મપ્રભુ ભગવાન બિરાજમાન છે. વંથલી નગરે છેલ્લા સાત વરસ થયા ભવ્યાતીભવ્ય ૨૪ રૂમની ધર્મશાળા (સંકુલન) ઉભુ થઈ ગયું છે. ધર્મશાળામા બધીજ સગવડ રાખવામાં આવી છે. દેરાસરના ગ્રાઉન્ડમા આ ભવ્ય સંકુલન ઉભું થઈ ગયું છે. પરમ પુજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી હેમપ્રભ મહારાજ સાહેબની પ્રેરણાથી આ સંકુલન ઉભુ થયું છે. પૂજ્ય ગુરુદેવના વંથલી સંઘ ઉપર ખુબજ ઉપકાર છે. છેલ્લા ચાર વરસ થયા ભોજનશાળા નિઃશુલ્ક ચાલી રહી છે. યાત્રીઓ તથા ગુરુ ભગવંતોનું આવન-જાવન ચાલુ જ છે. છેલ્લા ચાર વરસથી ભોજનશાળાનો સંપુર્ણ લાભ શ્રીમતી રેવાકુંવરબેન મનસુખલાલ મકનજી વોરા પરિવાર વંથલીવાળા લઈ રહ્યા છે. તેમાં પણ સોનામાં સુગંધ ભળે તેમ આવતા બે વરસ સ. ૨૦૭૯થી ૨૦૮૦ સુધી જેઠ સુદ પાંચમ સુધી ના દાતા શ્રીમતી રેવાબેન મનસુખલાલ મકનજી વોરા વંથલીવાળા પરિવારે લીધો છે. શ્રી સંઘ તથા ટ્રસ્ટીગણ દાતાશ્રીની ખુબખુબ અનુમોદના કરે છે. વતનમાં જાવ ત્યારે એકવાર વંથલી જરૂરમાં જરૂર દેવ-દર્શન સેવાપુજાનો લાભ લેશોજી.

શ્રી અજીતનાથાય નમઃ

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

જન્મ:
તા. ૨૩-૧૧-૧૯૩૦



સ્વર્ગવાસઃ
તા. ૨૬-૪-૨૦૧૮

વડાલ (સોરઠ) નિવાસી હાલ બોરીવલી

## સ્વ. ભગવાનદાસ દામોદર મહેતા

આપના વિચાર અમારા આદર્શ છે. આપની સ્મૃતિ અમારી મૂડી છે.
આપે ચિંધેલા માર્ગનું અનુકરણ અમારું લક્ષ્ય રહેશે.
આપના દિવ્ય આત્માને પ્રભુ શાશ્વત સુખ
અને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે
તેવી અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ સાથે પ્રાર્થના

સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા
કીર્તિભાઈ - સ્વ. ભારતીબેન પરિવાર
ગીરીશભાઈ - હર્ષાબેન પરિવાર
હરીશભાઈ - જાગૃતિબેન પરિવાર
ભાવનાબેન ભરતભાઈ કોરડીયા પરિવાર
માયાબેન સંજયભાઈ મહેતા પરિવાર
કૃપાબેન મિતુલકુમાર વોરા પરિવાર
નેહાબેન બિરજુકુમાર મહેતા પરિવાર
તથા મહેતા પરિવાર

KAYAMI / APRIL

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ - બોરીવલી




શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ બોરીવલીનો ૩જો પ્રોગ્રામ તા. ૨૦-૪-૨૦૨૨ના રોજ શાંતિનગર હૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ આયોજનરૂપે અંતાક્ષરી દ્વારા મનોરંજન પીરસવાનો પ્રયાસ હતો. આ અંતાક્ષરીનું મનોરંજન પીરસનાર એ બીજુ કોઈ નહી પણ આ મંડળના આઈકાર્ડમાં પ્રથમ પાનાની એડવર્ટાઈઝમેન્ટ આપનાર **Kirti Diam**ના શ્રીમતી કિર્તિબહેન મયુરભાઈ મહેતા હતા. લગભગ ઘણા વર્ષોથી કિર્તિબહેન આ લાભ લઈ મંડળના દાતા બની રહ્યા છે. કિર્તિબહેન અને એમની ટીમે સુંદર સંગીત સાથે સુર પેશ કરીને અંતાક્ષરીના પ્રોગ્રામને માણવાલાયક બનાવ્યો. તેમણે પોતાના સુરીલા અવાજથી, આલાપથી અને સંગીતથી સૌનુ દીલ જીતી લીધુ હતુ. જેના ફળ સ્વરૂપે અંતાક્ષરી માણવા આવેલ દરેક સભ્ય બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગ્રુપ બનાવી જ્યારે સંગીતની મહેફીલ જામી ત્યારે જોવામાં આવ્યું કે દરેક મેમ્બર ગ્રુપમાં આવી બેસી ગયા હતા અને ગીત ગાઈ, ગ્રુપમાં જોડાયા, અંતાક્ષરી રમવા તૈયાર થઈ ગયા હતા અને મજાની વાત એ હતી કે કોઈ ઓડીયન્સની પોતાની જગ્યાએ નહોતુ. આ જોતા પુરા પ્રોગ્રામની એનર્જી વધી ગઈ હતી. ફક્ત કમીટીની બહેનો જ પ્રેક્ષકગણ તરીકે હાજર હતી. દરેક સભ્યબેને રમવાનુ અને ગાવાનુ પસંદ કર્યું હતું. અને ઘણા બધા ગ્રુપ બની ગયા અને પ્રોગ્રામની શરૂઆત થઈ. આ પ્રમુખ શ્રીમતી તુલાબેન મહેતા તથા કમીટીની બહેનો માટે પણ સરપ્રાઈઝ હતું.



આવા વાતાવરણમાં રંગ ઉમેરાય એવુ આકર્ષણ હતુ સાત મહિલાઓ દ્વારા મુકાયેલા સાત સ્ટૉલ દરેક બીઝનેસ કરતી મહિલાઓને પ્રોત્સાહન આપવાના ઈરાદાથી આ સ્ટૉલ રાખવામાં આવ્યા હતા. જે જેવી જાહેરાત કરી કે તરત જ બુક થઈ ગયા હતા અને ઘણી બહેનોને સ્ટૉલ રાખવા હતા તેમને બીજીવાર ચાન્સ આપીશુ કહીને ના કહેવી પડી. આ સ્ટૉલ મંડળ માટે તથા બહેનો માટે મુખ્ય આકર્ષણ રહ્યું હતું. દરેક બહેનોએ દીલથી આ સ્ટૉલોની મુલાકાત લીધી તથા ખુબ શોપિંગ કર્યું. સ્ટોલ રાખનાર બહેનોએ મંડળની બહેનોને ગીફ્ટ વાઉચર તથા સ્પેશીયલ અંતાક્ષરી જીતનાર માટે ગીફ્ટ સ્પોન્સર કરી. એવી જ રીતે બહારથી સ્પોન્સરર મળ્યા જે કંપનીના નવા પ્રોડક્ટ બહેનોને ઈનામ તરીકે આપી ઉત્સાહ વધાર્યો. વધુમા વધુ બહેનોને ઈનામ મળે એવી પ્રમુખ તુલાબેનની ભાવના હતી જે પુરી થઈ.

અંતાક્ષરીમાં એવી જમાવટ આવી હતી કે કોઈને ઘરે જવાની ઉતાવળ નહોતી જણાતી, દરેક સભ્ય આનંદપૂર્વક ઉત્સાહથી ભાગ લઈ સંગીતને માણી રહ્યા હતા.

ત્યારબાદ લકી ડ્રો, ફ્લાવર પ્રિન્ટના ડ્રેસ કોડ માટે, અને અંતાક્ષરીમાં જીતનાર ૩ ગ્રુપના દરેક મેમ્બરને ઈનામનુ વિતરણ કરવામાં આવ્યુ. સભ્ય બહેનોને ફુડ પૅકેટ વિતરણ કરી એમને શોપિંગ માટેની મજા લેવાનો સમય વધુ મળે તેમ કામ થયું.

આ સૌની વચ્ચે વધાવવાવાળી વાત એવી થઈ કે મંડળના સભ્યો તો અવારનવાર મંડળને પ્રસંગ અનુસાર ભેટ આપે જ છે અને આ પ્રોગ્રામમાં પણ ઘણાએ ભેટરૂપી પોતાનો ફાળો નોંધાવ્યો. એવી પણ પ્રેરણાદાયક વાત એ હતી કે મંડળના સભ્ય શ્રીમતી માલતીબેન ચંપકભાઈ મહેતાએ દરેકને મીઠુ મોઢુ કરાવવા સ્વીટનું વિતરણ કરવાનું નક્કી કર્યું. શ્રી ચંપકભાઈના ૭૫ વર્ષમાં પ્રવેશ નિમિત્તે એમણે પોતાનો આનંદ દરેક જોડે વહેંચ્યો. આજે જ્યારે આપણી બર્થ ડે કે એનીવર્સરીની ઉજવણી સિમિત લોકોમાં થતી જાય છે ત્યારે માલતીબહેન પ્રેરણારૂપ છે કે ખુલીને ગ્રુપમાં વહેંચી આનંદ બમણો કરી શકાય છે. એમણે મંડળને ભેટ પણ આપી. છેલ્લે પ્રોગ્રામની પુર્ણાહૂતિ કરતા સૅક્રેટરી કવિતાબહેને, કિર્તિબહેનનો, સ્ટૉલ રાખનાર બહેનોનો તથા કમીટીની બહેનોની સેવા બદલ આભાર વ્યક્ત કરી સમાપન કર્યું.

| પ્રમુખ | સેક્રેટરી | સેક્રેટરી |
|---|---|---|
| શ્રીમતી તુલાબેન મહેતા | કવિતા મહેતા | ફાલ્ગુની મહેતા |

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## અ. સૌ. દક્ષાબેન કાંતિલાલ શાહ

**જન્મ : તા. ૮-૧-૧૯૪૯ સ્વર્ગવાસ : તા. ૨૦-૫-૨૦૦૯**

સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં.
જીવન તમે એવું જીવ્યા ભુલ્યું ભુલાય નહીં.
સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.

લિ.
શ્રી કાંતિલાલ અમૃતલાલ શાહ પરિવાર
પુત્ર : અમિત ⁕ પુત્રવધૂ : પૂજા ⁕ પૌત્ર : પ્રથમ, અંશ
પુત્ર : દિવેશ ⁕ પુત્રવધૂ : કિંજલ
પુત્રી : ગીતા ⁕ જમાઈ : મુકેશકુમાર ⁕ દોહીત્ર : સિદ્ધાર્થ
નણંદ : સ્વ. રંજનબેન
ભત્રીજા : સ્વ. નિખીલભાઇ ⁕ ભત્રીજાવહુ : જાગૃતિબેન ⁕ પૌત્રી : વિધી ⁕ પૌત્ર : કરણ
પિતાશ્રી : જયંતીલાલ ગિરધરલાલ શાહ
ભાઈ : ભીખુભાઈ ⁕ ભાભી : ભારતીબેન
બહેન : આશાબેન ⁕ બનેવી : ઉપેન્દ્રકુમાર
બનેવી : સ્વ. વિનોદકુમાર ⁕ બનેવી : રજનીકાંતભાઈ : ⁕ બનેવી : સ્વ. રતિલાલભાઈ

**સ્નેહીજનો તથા સમસ્ત શાહ પરિવાર**

KAYAMI / MAY

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (બોરીવલી)

## નવી કારોબારી સમિતિ
## વર્ષ ૨૦૨૨-૨૦૨૪



**પ્રમુખ શ્રી વિનોદભાઈ મહેતા સાથે નવી કારોબારી સમિતીના સભ્યો**

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતા | પ્રમુખ | ૯૮૩૩૫૦૦૫૦૮ |
| ૨) | શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી | ઉપપ્રમુખ | ૯૩૨૧૯૮૮૩૭૩ |
| ૩) | શ્રી જયંતભાઈ ચુનિલાલ દોશી (જયુભાઈ) | માનદ મંત્રી | ૯૮૨૧૧૪૭૧૭૭ |
| ૪) | શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા | માનદ મંત્રી | ૯૮૨૦૦૯૯૦૭૧ |
| ૫) | શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી | ખજાનચી | ૯૭૬૯૬૧૫૪૯૪ |
| ૬) | શ્રી ભાવિકભાઈ જયેન્દ્રભાઈ દોશી | ખજાનચી | ૯૦૨૯૧૦૨૧૧૧ |
| ૭) | શ્રી અશોકભાઈ દલિચંદભાઈ ભણશાલી | સભ્ય | ૯૮૨૦૫૮૩૯૨૮ |
| ૮) | શ્રી અનિલભાઈ ગુલાબચંદ મહેતા | સભ્ય | ૯૮૨૦૬૮૩૨૩૧ |
| ૯) | શ્રી અરવિંદભાઈ વાડીલાલ દોશી | સભ્ય | ૯૮૯૨૫૮૨૫૯૭ |
| ૧૦) | શ્રી ધીરજલાલ મણીલાલ મહેતા | સભ્ય | ૯૭૬૯૪૩૩૦૧૯ |
| ૧૧) | શ્રી દીનેશભાઈ ગુલાબચંદ મહેતા | સભ્ય | ૯૮૩૩૯૭૯૨૭૦ |
| ૧૨) | શ્રી કમલેશભાઈ વાલજીભાઈ મહેતા | સભ્ય | ૯૮૬૯૪૭૪૧૭૫ |
| ૧૩) | શ્રી કમલેશભાઈ હરીલાલ મહેતા | સભ્ય | ૯૩૨૨૨૪૭૧૪૬ |
| ૧૪) | શ્રી મનિષભાઈ સતિષભાઈ મહેતા | સભ્ય | ૯૩૨૩૯૩૯૨૨૩ |
| ૧૫) | શ્રી નિકુંજભાઈ વિનોદભાઈ શેઠ | સભ્ય | ૯૫૯૪૨૨૦૨૨૫ |

# પુષ્પાંજલિ



જન્મ :
૨૮-૦૮-૧૯૨૮

સ્વર્ગવાસ :
૧૦-૫-૨૦૧૫

## સ્વ. મહાસુખલાલ ભગવાનદાસ સંઘવી

*મૂળ વતન જુનાગઢ*

શ્રી સોરઠ વિશાશ્રીમાળીના સેવાભાવી કાર્યકર એવા આપ સત્કર્મો અને સત્કાર્યો દ્વારા પ્રેરણારૂપી જીવન જીવી, વાત્સલ્યભરી દિવ્ય સ્મૃતિઓ તથા વડલા જેવી શીતળછાયા દરેક સ્નેહીજનોના દિલમાં મૂકતા ગયા.

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મૃત્યુ પામે છે માનવી પોતે પણ તેના સત્કર્મો જીવે છે.

આપના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે તેમજ આપના આશીર્વાદ તથા આપનું માર્ગદર્શન કાયમ અમારી સાથે રહે એવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ધર્મપત્ની** | : | જયા | **પુત્રવધૂ** | : | દિપ્તિ |
| **પુત્ર** | : | સંજય | **જમાઈ** | : | નયન જેચંદભાઈ તુરખિયા |
| **પુત્રી** | : | કલ્પના | **જમાઈ** | : | પારસ રવિન્દ્રભાઈ વસા |
| **પુત્રી** | : | નીતા | | | |
| **પૌત્રી** | : | હેતાલી તથા પંક્તિ | | | |
| **દોહિત્રી** | : | રિદ્ધિ રોનક દોશી | | | |
| **દોહિત્ર** | : | પ્રતિક પારસ વસા | | | |

**તથા સંઘવી પરિવારની અંતઃકરણપૂર્વક પુષ્પાંજલિ**

KAYAMI / MAY

# રણમાં ખીલ્યું ગુલાબ

**- ડૉક્ટર શરદ ઠાકર**

**કિસી દિન ચાંદ નિકલા થા યહાંસે...**
**ઉજાલે આજ તક છત પર ખડે હૈ...**

લાંબા રૂટની સરકારી બસ. ૪૦ વર્ષના કંડક્ટર અને ૨૫ વર્ષનો જુવાનજોધ ડ્રાઈવર... બંને ક્ષત્રિય. પેસેન્જરથી ખીચોખીચ ભરેલી બસ સરકારી ગતિથી ચાલવાની ઝડપે દોડી રહી હતી. માર્ગમાં એક ગામ આવ્યું. કન્ડક્ટરે ઘંટડી વગાડી. ડ્રાઈવરને આશ્ચર્ય થયું. અહીં બસનું સત્તાવાર સ્ટોપેજ હતું નહીં પણ કંડક્ટર કનકસિંહનું માન રાખવા માટે એણે બસને ઉભી રાખી. રસ્તાની બાજુમાં મોલથી લચી પડતું ખેતર હતું. ખેતરના એક ખૂણામાં બે માળનું રળિયામણું મકાન હતું. જાણે બસની રાહ જોઈ રહી હોય એમ એ ઘરની અંદરથી બે રૂપાળી સ્ત્રીઓ ઝડપથી ઢેલની જેમ ચાલીને બસ પાસે આવી. એકના હાથમાં ડબ્બો હતો, બીજીના હાથમાં એક ડોલચું. કનકસિંહે એ સ્ટીલનો ડબ્બો અને ડોલચું લઈ લીધા ત્રણેય જીવો વચ્ચે પ્રેમભર્યા સ્મિતની આપ-લે થઈ અને કનકસિંહે ઘંટડીની દોરી ખેંચી. ડ્રાઈવર રાજવીરસિંહે બસ હંકારી મુકી. લગભગ એકાદ કલાકનો પંથ કાપ્યો એ પછી મોટું સ્ટોપેજ આવ્યું. કંડક્ટરે મોટા અવાજમાં જાહેર કર્યું.

અહીં ૩૫ મિનિટનું રોકાણ છે. ચા-પાણી, નાસ્તો કે જમવાનું જે હોય તે બધું અહીં જ પતાવી દેજો. જ્યારે હું બે વાર ત્રણ ત્રણ ઘંટડી વગાડું ત્યારે બધા પાછા આવી જજો. બસ તમારી સગી નથી થતી. જે નહીં આવે એના માટે ઊભી નહીં રહે...'

પેસેન્જર્સ હસી પડ્યા. મોટાભાગના જેઓ આ રૂટ ઉપર મુસાફરી કરવા ટેવાયેલા હતા એ બધાને કનકસિંહના મજાકિયા સ્વભાવની જાણ હતી. બાપુ ક્યારેક ખીજાય જાય તો યે કોઈને ખરાબ લાગતું ન હતું. બધા મુસાફરો નાસ્તા-પાણી માટે ગોઠવાઈ ગયા ત્યારે કનકસિંહ એ ડ્રાઈવરને કહ્યું...

'આપણે બહારનું ખાવાનું નથી. આજે મારા ઘરેથી...'

બંને જણા એક ખાલી ટેબલ પાસે ગોઠવાઈ ગયા. મેથીના થેપલા, માખણ, આથેલા મરચાં અને સુકી ભાજી આરોગવા લાગ્યા. ડોલચામાં મસાલાવાળી ચા પણ હતી. અચાનક ડ્રાઈવર રાજભાએ હિંમત કરી નાખી.

'કનકુભા, એટલું તો વગર કીધે હું સમજી ગયો કે એ તમારું ઘર હતું, પણ મને એ ન સમજાયું કે બે બહેનોમાંથી તમારા ઘરવાળા...?'

કનકસિંહ હસી પડ્યા...

'તમારા સવાલનો જવાબ હું એક વાક્યમાં નહીં આપી શકું, રાજભા... એના માટે તો મારે તમને પંદરેક વર્ષ પહેલાના સમયમાં લઈ જવા પડશે...'

'કનકુભા, માંડીને વાત કરો તો મજા પડશે.'

રાજભાના મોઢામાં રજપૂતાણીએ બનાવેલા ભોજનનો સ્વાદ હતો અને કાનમાં ૫૬ ઈંચની છાતીવાળા ક્ષત્રિયના મુખથી ટપકતી વાત રોમાંચ બનીને પ્રવેશી રહી.

'ત્યારે મારી ઉંમર ૨૫ વર્ષની. જુવાની દેહ ફરતે આટો દઈ ગયેલી. ધરતી પર પાટુ મારું તો પાણી કાઢું એટલી શક્તિ હતી. મારું લગ્ન તો હું ૨૧નો હતો ત્યારે જ થઈ ગયું હતું. પત્નીનું નામ સુરજ. ઘરમાં હુ, સૂરજ અને મારા બા-બાપુ એમ ચાર જણા હતા. ખેતીનું કામ બાપુ સંભાળતા હતા. હું નવરો હતો એટલે શોખ ખાતર નોકરીમાં રહી ગયો. સરકારી બસમાં કંડક્ટર. મને નાના-નાના રૂટ પસંદ ન હતા. ત્યારે પણ આઠ-દસ કલાકનો રૂટ જ હું ખેડતો હતો. એક વાર આવા જ એક...'

'બાપુ, કયા રૂટ પર જતા હતા એ તો જણાવો...' રાજભાને રસ પડ્યો.

'નામ નહીં જણાવું. દક્ષિણ ગુજરાતનું ટર્મિનસ હતું. ત્યાંથી મારા ગામ તરફ વળતો પ્રવાસ હતો. અધવચ્ચે બસ ઊભી રહી. ત્યાંથી એક બાઈ બસમાં ચડી. જુવાનીના તોરણથી શોભતી અને રૂપના અંબારથી લચી પડતી એ બાઈની કેડમાં એક ધાવણો દીકરો પણ હતો. મેં પૂછ્યું કે ક્યાંની ટિકિટ ફાડું..? તો એ કહે જ્યાં આ બસ છેલ્લે ઉભી રહેવાની હોય ત્યાં મને ઉતારી દેજો... એના જવાબ અને અવાજ પરથી હું સમજી ગયો કે બાપડી દુખિયારી છે. બસની ટિકિટના પૈસા લેવાનો સવાલ જ ન હતો. મેં મારા પૈસે ટિકિટ કાઢી આપી. એ ખાધા-પીધા વિના બેસી રહી. પૂરા આઠ કલાક પછી બસ ડેપોમાં પહોંચી પેસેન્જર્સ ઉતરી ગયા. હું ઓફિસમાં પૈસા જમા કરાવવા ચાલ્યો ગયો.

'બસ.! એ બાઈ સાથે તમારો આટલો જ સંગાથ...?'

'આમ તો આટલેથી જ વાત પૂરી થઈ ગઈ હોત, જો એ ત્યાંથી ચાલી ગઈ હોત. પણ હું પૈસા જમા કરાવીને પાછો આવ્યો ત્યારે એ હજુ ત્યાં જ ઊભેલી હતી. સુમસામ રાત હતી, નિર્જન બસ સ્ટેશન હતું અને રૂપઝરતી એકલી જુવાન સ્ત્રી હતી. મેં પૂછ્યું.

'રાત્રે ક્યાં રોકાશો...?' ત્યારે એણે કહ્યું, 'અહીં જ બાંકડા ઉપર પડી રહીશ.' આજુબાજુમાં કોઈ જ માણસ દેખાતું ન હતું પણ થોડે દૂર બે ચાર ખિસ્સાકાતરુઓ અને

# પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૨૯-૧૦-૧૯૫૦

અરિહંત શરણઃ
તા. ૨૪-૪-૨૦૨૧

## સ્વ. વિરેન્દ્ર મનસુખલાલ ભીમાણી

સત્કાર્યો તમારી શોભા હતી... સજ્જનતા તમારી સુવાસ હતી

પ્રસન્નતા તમારું જીવન હતું... સમર્પણતા તમારી જીંદગી હતી.

આ જિંદગી એક ટૂંકો પ્રવાસ છે, ઓછા સમયમાં વધુ જીવવાનો પ્રયાસ છે

''મળે છે દેહ માટીમાં... પણ માનવીનું નામ જીવે છે.''

મરે છે માનવી પોતે... પણ માનવીનું કામ જીવે છે.

**શોકાતુર**

**શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી પરિવાર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પત્ની | : | પ્રેરણા વિરેન્દ્ર ભીમાણી | ભાઈ-ભાભી | : | પરીમલ - દર્શના |
| પુત્રી | : | કવિતા તેજસ શાહ | ભાઈ-ભાભી | : | મુકેશ - નિશીતા |
| પુત્રી | : | વૈશાખી કલ્પેશ મહેતા | ભાઈ-ભાભી | : | પિયુષ - અલ્કા |
| દોહિત્રી | : | પ્રિશા - આસ્વી | બહેન-બનેવી | : | રેખા - રોહિત |

નશાના બંધાણીઓ, મવાલીઓ આંટા મારતા હતા. મને એ બાઈની સલામતી ન દેખાણી. મેં પૂછ્યુંઃ 'મારી સાથે આવશો? મારા બા-બાપુ, પત્ની...' બાઈ એક પણ શબ્દ બોલ્યા વગર મારી સાથે આવવા માટે તૈયાર થઈ ગઈ...'

જુવાન ડ્રાઈવરની જીભ ઉપર તોફાન ભરી મજાક આવી ગઈ.

'વાહ, બાપુ! તમને તો આવો રૂપાળો સંગાથ પામીને મોજ પડી ગઈ હશે, નહીં?'

'માતાજીના સોગંદ ખાઈને કહું છું, રાજભા... બાઈ ભારે રૂપવાન હતી એની ના નહિ, પણ એને જોઈને મારી આંખોમાં વાસનાનો એક દોરો પણ ફૂટ્યો ન હતો. હું કાંઈ મોટો સંયમી સાધુ-મહાત્મા ન હતો, પણ ખરું કારણ મારી રજપૂતાણી હતી. સુરજબાનો સ્વભાવ સૂરજની જેવો જ તેજદાર અને દઝાડી મુકે તેવો હતો. એ બેઠી હોય અને જો હું બીજી સ્ત્રી તરફ નજર સરખી પણ માંડું તો મારી સુરજ અમને બેઉને બાળીને ભસ્મ...'

'ભૂલ થઈ ગઈ, બાપુ! પછી શું થયું?'

'ઘર તરફ જતા મેં એના વિશે પૂછપરછ કરી. ક્યાંની છો? દીકરો છે એટલે પતિ પણ હશે જ. ગામ કયું? તારો વર શું કરે છે? કોઈ સાથે પ્રેમ નથી? આ અફાટ જગતમાં સાવ એકલી ક્યાં જઈશ? હું પૂછતો ગયો અને એ જવાબો આપતી ગઈ. જે જાણવા મળ્યું એ આ હતું. બાઈ બધી રીતે સર્વગુણસંપન્ન, પણ એનો ધણી શરાબી. દારૂ પીવામાં બધું ખેદાન-મેદાન થઈ ગયું. ઘરના ઠામડા પણ વેચાઈ ગયા. હવે બાટલીના પૈસા ક્યાંથી લાવવા? વેચવા માટે હવે એક જ વસ્તુ બચી હતી. એક દિવસ એ ઘરાકને લઈ આવ્યો. પત્નીને કીધું કે આની સાથે! બાઈ તૈયાર ન થઈ. ખૂબ માર પડ્યો. બાઈ છોકરાને લઈને નીકળી ગઈ. જે બસ હાથમાં આવી એમાં બેસી ગઈ'

'અરેરે! ભારે થઈ, બાપુ! આટલી રૂપાળી અને સંસ્કારી સ્ત્રીના ભાગ્યમાં આવો પતિ?'

'રાજભા, દરેક જાતવાન ઘોડી ઉપર બેસનાર અસવાર રાજકુમાર જ હોય એવું ન બને. ચોર-લૂંટારાને ડાકુ પણ ક્યારેક...!! જવા દો એ વાત. રાત્રે ઘરે પહોંચ્યા. મેં સુરજને જગાડીને બધીવાત કરી. બા-બાપુ પણ આવી ગયા. મારી બાએ પૂછ્યુંઃ 'બાઈ, તારી ઈચ્છા જણાવ. તારે શું કરવું છે?'

બાઈએ કહી દીધુંઃ

'હું તમારા આશરે આવી છું. તમે જે સંબંધથી મને રાખશો એ સંબંધથી હું રહીશ. જો અહીંથી નીકળી જવાનું કહેશો તો દીકરાને લઈને કૂવામાં...'

'પછી શું થયું...?'

'એ રાત્રે તો કોઈ નિર્ણય લેવાયો નહીં. મારી પત્ની સુરજ ગર્ભવતી હતી. આઠમો મહિનો ચાલતો હતો. એ રાત્રે મને બહાર ખાટલામાં સુવડાવીને બંને સ્ત્રીઓ અંદરના ઓરડામાં સુઈ ગઈ. રાતભર એ બંનેની ગુસપુસના અવાજો આવતા રહ્યા. સવારે શિરામણ વખતે સહુની હાજરીમાં સુરજે કહી દીધું.

'આ બાઈને હું રાજીખુશીથી આ ઘરની વહુ બનાવું છું અને નવું નામ આપું છું. સાથે-સાથે મારો પતિ પણ આપું છું. આજ પછી ચંદા મારી નાની બહેનની જેમ મારી સાથે જ રહેશે. કોઈએ ના પાડવાની નથી.'

'અરે તમારા પત્ની સુરજબાએ આવું કહ્યું...?? તમે તો કહેતા હતા કે સુરજબાનો સ્વભાવ બાળી નાખે તેવો છે.'

'હા, પણ આ જગત એ સુરજના પ્રતાપે જીવી રહ્યું છે. સૂરજે વિચારી લીધું કે એ નિરાધાર, જુવાન, સ્ત્રી કોઈપણ જાતના સંબંધ વગર આ સમાજમાં જીવી નહીં શકે. લોકો ભાતભાતની વાતો કરશે, એના કરતાં એના માથા ઉપર પતિના નામનું ઓઢણું મૂકી દેવામાં આવશે તો લોકોના મોં ઉપર કાયમ માટે તાળું વસાઈ જશે. સુરજનો નિર્ણય સુપ્રીમ કોર્ટનો ચુકાદો હતો. બધાએ સ્વીકારવો જ રહ્યો. બીજા દિવસે મારા અને ચંદાના લગ્ન થઈ ગયા. કોઈ પણ જાતની કાનૂની પ્રક્રિયા કર્યા વગર સંસાર શરૂ થયો. આજે દોઢ દાયકા પછી પણ અમારા પ્રવાસમાં નાનો સરખો બમ્પ કે ખાડો આવ્યો નથી. અમે પ્રેમનો ગુણાકાર જ કરી જાણ્યો છે...'

'બાપુ, બંને પત્નીઓથી કુલ કેટલા સંતાનો થયા...?'

'સુરજ ગર્ભવતી હતી. એણે પૂરા મહિને દીકરીને જન્મ આપ્યો. અમે ત્રણેય જણાએ નક્કી કર્યું કે ઘરમાં ચંદાને એક દિકરો છે અને સુરજની એક દીકરી. ત્રીજુ સંતાન નથી જોઈતું. બસ, અમારા બંને બાળકો સરસ રીતે ઉછરી રહ્યા છે. આંગણે આવેલી એક નિરાધાર સ્ત્રીને આશરો આપવાનું અને એના દીકરાને પોતાનો દીકરો માનીને અમારો વારસો આપવાનું પવિત્ર કાર્ય મારી રજપૂતાણીએ કર્યું છે...'

જુવાન ડ્રાઈવર ચા ના મીઠા ઘૂંટડા ભરતા ભરતા વિચારી રહ્યો...

'વાહ...!!! સુરજ-ચંદાની આવી જોડી તો આસમાન પાસે નથી. માતાજી તમારી ત્રિપુટીને અખંડ રાખે...'

(સત્યઘટનાઃ સુરજબાના દીકરી અત્યારે આઈ.પી.એસ. થઈ ગયા છે અને ચંદાબાનો કુંવર હાલમાં અમેરિકામાં વેલ સેટલ્ડ છે.)

**- ડૉક્ટર શરદ ઠાકર**

**વોટ્સઅપ પરથી સંકલિત - લલિત જયંતિલાલ શેઠ**

**(પાનેલી મોટી / ભાયદંર)**

# ૨૭ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. દિવાળીબેન ન્યાલચંદ પારેખ

**દેહવિલય : તા. ૧૬-૫-૧૯૯૫**

જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આંખમાં અમી, દરિયા જેવું દિલ,
મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ,
વ્યવહારિક સુઝ અને બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા,
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિં, હસતો રાખી ચહેરો,
કાયમી લીધી વિદાય અને મૃત્યુને પણ કર્યું અમર.
હે પરમ કૃપાળુ પરમાત્મા, સદ્ગતના આત્માને શાશ્વત સુખ

## શ્રી પારેખ ન્યાલચંદ કલ્યાણજી પરિવાર

**પુત્ર તથા પુત્રવધૂ** : રમણિકલાલ-મંગળાબેન, પ્રાણલાલ-રમીલાબેન, અરવિંદભાઈ-મૃદુલાબેન
ધીરજલાલ-ઉષાબેન, ચંદ્રકાંત-હંસાબેન, જગદીશ-સોનલબેન

**દીકરી-જમાઈ** : સરોજબેન-રસીકલાલ

**પૌત્ર-પૌત્રવધૂ** : નીલેશ-ભાવના, રાજેશ-જલ્પા, નીરવ-ખ્યાતી, સચિન-રીના,
પરાગ-શ્રદ્ધા, તેજસ-અલ્પા, જીમિત

**દોહિત્ર-દોહિત્રવધૂ**: સંજય-પારુલ, હેમાંશુ-એકતા

**દોહિત્રી જમાઈ** : સંગીતા-કિરણકુમાર, વિલ્પા-હિતેશકુમાર

**દોહિત્ર જમાઈ** : તરુણા-મુકેશકુમાર, નીલ્પા-નિકુંજકુમાર, હેતલ-દેવાંગકુમાર
વિશાખા-પલ્લવકુમાર, વૈશાલી-ચિરાગકુમાર, અલ્કા-ચિરાગકુમાર
સપના-વિરલકુમાર, ભાવના-પ્રશાંતકુમાર

૨૦૫, ન્યુ કમલા પાર્ક-બી-૨, ૬૦ ફૂટ રોડ, ભાયંદર (વેસ્ટ) ૪૦૧૧૦૧.

KAYAMI / MAY

# SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ MUMBAI

Address: Shri Tarachand Dhanjibhai Mehta Karyalay Timing 1.00 pm to 6 pm
4, Devkaran Menshion Building, No-7 2nd Floor, 24, Vitthaldas Road, Mumbai-400 002.
Contact No: Tel: 022-22069712 Cell No: +91 9167481410
www.svjainsamaj.com
Email: svjainsamajmumbai2@gmail.com

**Bank Details:**
**Name: SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER: BANK OF BARODA. BRANCH: M. J MARKET MUMBAI-400003**
**S/B Account No: 03870100000044. IFSC:BARB0BULLIO MICR:40012047**

| Advertisements Rates Regular 11 Edition | Half Page | Full Page | Full Page | 2-3-4 Page |
|---|---|---|---|---|
| (Diwali Addition Not included) | Black & White | Black & White | Color | Color |
| | | | | |
| Basic Rates | 1,000 | 1,500 | 3,500 | 4,000 |
| Diwali Basic Rates | 1,500 | 2,500 | 4,500 | 8,000 |
| 11 Issue Contract Discount | 10,000 | 15,000 | 35,000 | 40,000 |
| | | | | |
| 12 Issue Contract Discount | 11,000 | 17,000 | 39,000 | 47,000 |
| | | | | |
| Bio Data Advertisements Rates. | 350 | 1,500 | 3,500 | - |
| | | | | |

**New Scheme of Advertisements for 5 Years for Regular Edition. (Diwali Edition is not applicable)**
Rs.6,500/- (Yearly 1 full page Black & White Advertisements. Once in a Year)
Rs.15,000/- (Yearly 1 full page Color Advertisements. Once in a Year)
Payments 100% Advance.

**New Scheme of Advertisements for 5 Years for Diwali Edition. (Once in a Year)**
Rs.11,000/- (Yearly 1 full page Black & White Advertisements.)
Rs.20,000/- (Yearly 1 full page Color Advertisements.)
Payments 100% Advance.

**Note:-**
We have discontinued the Kayami Shradhanjali Black & White & Saujanydata life time.
We have also decided thet we will not introduce any life time scheme.

# શ્રદ્ધાંજલિ



## ટવીંકલ સુરેશકુમાર ગારડી

ઘણા લોકો એવા હોય છે જેની યાદ ક્યારેય ભુલાતી નથી જેની ખાલી પડેલી જગ્યા કોઈ પુરી શકતુ નથી. જીવ્યુ તો એને જ કહેવાય જે પોતાના અસ્તિત્વની અમીપ છાપ છોડી જાય. ટ્વીંકલ અમારા પરિવારની આજ્ઞાંકિત પુત્રી, વહાસસોઈ બહેન, અમારા સહુની સ્મૃતિમાં કાયમ અંકિત રહેશે. તારી અણધારી વિદાય યાદ રાખીને આપણે સહુ પણ તેની જેમ કોઈના મુરજાયેલા ચહેરા ઊપર સ્મીત રેલાવીયે. કોઈના જીવનના આંગણામાં નયનરમ્ય રંગોલી કરી શકીએ. પ્રત્યેક પળ ઉત્સાહ, ઉલ્લાસ, ઉમંગથી વધાવીએ એજ પ્રાર્થના.

**પિતાશ્રી : સુરેશકુમાર**
**માતાશ્રી : લીલમબેન**
**બહેન : ડીમ્પલ**
**ભાઈ : દીવ્યેશ**
**ભાભી : શેલ્વી**
**ભત્રીજા : નિશાન-શયાન**

**તથા પ્રભુલાલ ડાયાલાલ ગારડી પરિવાર અને**
**મોસાળ પોપટલાલ દુર્લભજી દોશી પરિવાર**

## મે માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''



શ્રીમતી જયાબેન
શાંતિલાલ મનોહરદાસ શાહ

# 'વાત્સલ્યની વીરડી'

'મા' કેટલો મીઠો શબ્દ છે. આપણા ગુજરાતી સાહિત્યમાં આ શબ્દ ઉપર કેટલાય નિબંધ લખાઇ ગયા છે. 'મા' એટલે સંતાનોની જીવનદાત્રી અને જન્મદાત્રી. 'મા' બાળકોને સદાચારી અને સંસ્કારી બનાવે. 'મા' એટલે પરિવારજનોની પ્રેરણામૂર્તિ વાત્સલ્યમૂર્તિ એવા શ્રીમતી જયાબહેન શાંતિલાલ શાહ. તેમનો જન્મ ૧૯૩૦માં ધાર્મિક વૃત્તિના પિતાશ્રી હિરાચંદભાઇ તથા માતા સમરતબહેનના ઘરે વેરાવળ ગામે થયો હતો. નાનપણથી ધર્મના ઉચ્ચ સંસ્કારો તેમને પિતા તરફથી વારસામાં મળેલ હતા. તેમના વિવાહ શ્રી શાંતિલાલ મનોહરદાસ શાહ વ્યવસાયે વકીલ (બી.એ.એલ.એલ.બી.) સાથે ધોરાજી ગામે થયા હતા. તેઓ શાંત સરળ સ્વભાવ તથા ઉત્તમ કુટુંબ ભાવના ધરાવતા હતા. તેઓ ખૂબ નિખાલસ સ્વભાવના તથા વ્યવહાર કુશલ હતા. તેમની સહનશીલતા અને સ્વાભિમાને સમગ્ર પરિવારને માળાના મણકાની સમતાથી અને વ્યવહારું બુદ્ધિથી નિભાવી હતી. તેઓએ આજ્ઞાંકિત પુત્રો, પુત્રવધુઓ, પુત્રીઓ, જમાઇઓ, પૌત્રો, પૌત્રીઓ તથા દોહિત્રો, દોહત્રીઓના બહોળા પરિવારને ઘટાદાર વડલા જેવી શીતળ છાયા અર્પી હતી. દેવ ગુરુ અને ધર્મના ત્રિવેણી સંગમથી ભરેલું તેમનું જીવન ખૂબ જ સાદગીભર્યું હતું. પોતાના માતુશ્રી, ભાઇઓ અને બહેનો પરિવાર પ્રત્યે પણ તેઓ ઊંડી પ્રેમની લાગણી ધરાવતા હતા. તેમનો સદાય હસતો ચહેરો, અમી ભરેલી આંખો તથા મમતાભાવ તેમના પરિવારને સદાય યાદ રહેશે. તેમનું વ્યક્તિત્વ ખૂબ જ લાગણી પ્રધાન તથા પારદર્શક કાંચ જેવું સ્વચ્છ અને નિર્મલ હતું. પ્રારબ્ધ અને પુરૂષાર્થમાં તેઓએ પુરૂષાર્થને વધુ પ્રાધાન્ય આપ્યું હતું. કારણ પુરૂષાર્થ વિના આ જીવન જીવવાનું શક્ય નથી. પુરૂષાર્થ કરીને તેમણે જીવનને સફળ બનાવ્યું હતું.

'પહેલા આંસુ આવતા અને તમે યાદ આવતા
આજે તમે યાદ આવો છો અને આંસુ આવે છે.'

આજે તેમની દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી અર્પિત કરતા હૃદયના ભાવો આંકોમાં અશ્રુરૂપે ઊભરાઇ આવે છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે તથા તેમના પરિવાર પર અમી ભર્યા આશીર્વાદ વરસતા રહે એજ અભ્યર્થના.

।।માતૃ દેવો ભવ।।

# એપ્રિલ માસના મુખપત્રના "સૌજન્ય દાતા"



**શ્રી કાંતિલાલ નંદલાલ વોરા**

શ્રી કાંતિલાલભાઇનો જન્મ ૧૯૨૯ ના ઓગસ્ટ માસમાં ધોરાજી મુકામે થયેલ. હાઇસ્કુલનો અભ્યાસ પૂર્ણ કરી ૧૯૪૪માં કલકત્તા આવ્યા. વ્યવસાયિક જીંદગીની શરૂઆતમાં નોકરી કરી પોતાની આવડત, મહેનત અને નિતીથી આયાત ના વ્યવસાયમાં ખૂબ જ સફળતાને પામ્યા. ૧૯૭૭માં મુંબઇમાં ઓફીસ શરૂ કરી. મુંબઇ ખાતે બંને સુપુત્રો શ્રી મહેશભાઇ તેમજ શ્રી પંકજભાઇએ અથાગ મહેનત દ્વારા વ્યવસાયમાં ખૂબ જ ઉંચા શિખરો સર કર્યાં.

શ્રી કાંતિભાઇ કે જેમના હૃદયમાં પ્રભુ મહાવીરની અહિંસા, કરૂણા અને જીવદયા કણેકણમાં વણાયેલી છે. તેઓએ પ. પૂ. મહાસતીજી પ્રિતીસુધા મ. સા. અને શ્રમણી વૃંદની પ્રેરણાથી કામાણી જૈન ભવન (કલકત્તા)માં જીવદયા માટે માતબર રકમનું દાન કરેલ છે. જે સમગ્ર જૈન સમાજમાં એક ઐતિહાસક યાદગાર પ્રસંગ બની ગયેલ છે. ઉપરાંત ઉવસગ્ગહરં પાર્શ્વનાથાય તીર્થ, ભોજનશાળા, આરોગ્યધામ, લાયન તારાચંદબાપા હોસ્પિટલ, જૈન ક્લિનીક મલાડ, ધોધારી જૈન દવાખાનું વગેરે અનેક સંસ્થાઓમાં અવિરત યોગદાન આપતા રહ્યા છે. આ ઉપરાંત સાધર્મિક પ્રત્યેની સહાનુભૂતિ તથા સદાય તેમને સહાયરૂપ થવાની તેમની ઉમદા ભાવના છે. જીવનમાં લક્ષ્મી ઉપાર્જન કરવી અને તેનો સદુપયોગ કરવો એ પુણ્યાનુબંધી પુણ્ય હોય તો જ શક્ય બને. આવા આ પરિવારે શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા મેમરોરિયલ ટ્રસ્ટ બનાવ્યું છે.

શ્રી કાંતિભાઇએ કલકત્તા સમાજમાં પ્રમુખ તરીકેની સેવા આપેલ છે તથા શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઇમાં પ્રમુખ તરીકે સેવા આપેલ છે. જીવનમાં એક મંત્ર છે અને ભાવના છે કે સમાજ પ્રગતિ કરે અને સમાજનો હરેક સભ્ય જીવનમાં સુખી બને, દરેક સભ્યના દુઃખે દુઃખી થનાર શ્રી કાંતિભાઇ નિઃસ્વાર્થ ભાવે સેવા કરે છે છતાં ગર્વ નહીં. તેઓ કલકત્તા, મુંબઇ તેમજ ભારતભરમાં દાનવીર તરીકે ખૂબ જ માન પામ્યા છે.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજે (કલકત્તા) તેમને જૈન સમાજરત્નનો ઇલ્કાબ આપેલ છે. તેમજ વિરદાનેશ્વરીનું બિરૂદ આપેલ છે.

સમાજના કોઇ પણ કાર્ય માટે નવી યોજના દ્વારા ભંડોળ ઉભું કરે છે. આ માટે દાતાઓ તેમજ કમિટીના સભ્યોનો સાથ હતો તે વાતનો તેઓને આનંદ અને ગર્વ છે. તેઓના પુત્ર શ્રી મહેશભાઇ અને શ્રી પંકજભાઇ રામ-લક્ષ્મણની જોડી સમાન છે.

## એપ્રિલ માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''



# શ્રીમતી નિર્મળાબેન કાન્તિલાલ વોરા

નિર્મળાબેનનું વ્યક્તિત્વ એક અલૌકિક ઓજસના પડછાયા રૂપ હતું. શાંત સ્વભાવ, કુટુંબ પરિવાર પ્રત્યે અસીમ સ્નેહની નિર્મળ ગંગા વહેવડાનાર સાચા અર્થમાં ગૃહિણી હતા. મનમાં હરહંમેશ એક જ વાત, કેવી રીતે અન્યને સહાય રૂપ બનવું. તેઓ અન્યને સહાય રૂપ થવાની કોઇ પણ તક જતી ન કરતા અને કોઇ કારણસર જો ચુકી જવાય તો તે વાતનો સદાય તેમને અફસોસ રહેતો. સાધુસાધ્વીની વૈયાવચ્ચ, તેમજ જીવદયા તેમના જીવનનું એક અનોખું પાસું હતું. આવા શાંત અને મૃદુ સ્વભાવના નિર્મળાબેનને સાધર્મિક પ્રત્યે પણ સુંદર ભાવના અને લાગણી હતી. ઘરમાં કોઇ પણ સારી વસ્તુ આવે ત્યારે તુરત જ તેમની સમક્ષ સાધર્મિક કુટુંબોનો વિચાર આવતો કે તેઓ માટે આ વસ્તુનો વપરાશ શક્ય હશે કે નહીં અને તેઓ તે વસ્તુ શક્ય તેટલાં કુટુંબોને મોકલાવીને જ સંતોષ માનતા. આવા જ સદ્‌ગુણ, લાગણી અને ઉચ્ચ સંસ્કારો તેમના પુત્રો, પુત્રી, વહુઓ અને બાળકોમાં જોવા મળે છે. નિર્મળાબેન એક સુંદર સંસ્કારશીલ, ઉદારદિલ અને સૌજન્યશીલ સન્નારી હતા.

# BIO DATA





## Personal

| | | |
|---|---|---|
| Name | : | Chaitali Hitesh Doshi |
| Date Of Birth | : | 06th January, 1998 |
| Birth Time | : | 03:40 am - Rajkot |
| Height | : | 5'1" |
| Diet | : | Pure JAIN |
| Education | : | Business Administration in Family Business @ NMIMS<br>Currently Pursuing MBA in Famil Business @ ISB (Hyderabad) |
| Occupation | : | Family Business - Solar Power |

## Family

| | | |
|---|---|---|
| Father | : | Hitesh Chimanlal Doshi -9930112992 |
| Mother | : | Binita Hitesh Doshi - 91677 97766 |
| Brother | : | Ankit Hitesh Doshi |
| Sister in Law | : | Riddhi Ankit Doshi |
| Grandfather | : | Chimanlal Tribhuvandas Doshi |
| Grandmother | : | Rasilaben Chimanlal Doshi |
| Uncle's | | Pankaj Chimanlal Doshi - 9323137589<br>Kirit Chimanlal Doshi - 9687622779<br>Viren Chimanlal Doshi - 9867150002 |
| Resi Address | : | Chimanlal T Doshi<br>93/94, Mahagiri C.H.S., Ashok Nagar, Kandivali East, Mumbai - 400 101 |
| Native Place | : | Bhader (Dist. Amreli) - Saurashtra |
| Religion / Samaj | : | Shree Ghoghari Visha Shrimali Deravasi Jain |

## Maternal

| | | |
|---|---|---|
| Maternal | : | Late Shri Vinaykant Natwarlal Shah - Rajkot<br>Kaushik Vinaykant Shah - Rakjot - 7622013579 |

## Father's Occupation

| | | |
|---|---|---|
| Business | : | Waaree Group www.waaree.com |
| Address | : | 602, Western Edge 1, Western Express Highway, Borivali East, Mumbai - 400 066. Tel. 022-6644 4466 |
| Email | : | pankajdoshi@waaree.com,<br>kiritdoshi@waaree.com<br>virendoshi@waaree.com |

# પતનના માર્ગે આંધળી દોટ

- પારૂલબેન ભરતકુમાર ગાંધી (M.A.)

વર્ષો પહેલા આપણે અંગ્રેજોનાં ગુલામ હતાં. ગાંધીજીએ અહિંસક આંદોલન કરીને આપણા દેશને આઝાદી અપાવી. અનેક નવલોહિયાઓએ પોતાનાં જાનની બાજી લગાવી દીધી અને તેથી આજે આપણે સ્વતંત્રતાના મીઠા ફળો ચાખી રહ્યા છીએ. પરંતુ કરૂણતા એ છે કે હજુ આપણે પૂરેપૂરા સ્વતંત્ર બન્યા જ નથી. આપણી માનસિકતા તો હજી બદલાઈ જ નથી. અંગ્રેજોની રણનીતિ એ હતી કે ભારતની મહાન આર્ય સંસ્કૃતિની બાગડોર તેની ખાણી-પીણી, પોષાક, સંસ્કૃતિ અને સભ્યતામાં સમાયેલી છે. જ્યાં સુધી તેની આ બાબતો મૂળ સ્વરૂપે જળવાઈ રહેશે ત્યાં સુધી તેની બરબાદી શક્ય જ નથી. પરંતુ તેની આ ચારે બાબતો પર હુમલો થશે ત્યારે જ તેને અધઃપતનની ગર્તામાં ધકેલી શકાશે. આથી જ તેઓએ બરાબર સમજી વિચારીને ટી.વી., મોબાઈલ, ઈન્ટરનેટ જેવા આધુનિક માધ્યમોનો સહારો લઈ ભારતીય સંસ્કૃતિનાં મૂળ પર પ્રહાર કર્યા છે. પ્રચારના આધુનિક માધ્યમોનાં સહારે તેમણે ભારતીય ખાણી-પીણી-પહેરવેષ-સંસ્કૃતિ અને સભ્યતા પર એવો હુમલો કર્યો છે કે ભારતીય સંસ્કૃતિ આજે મરણાસન્ન થઈ રહી છે. કહેવાતા સભ્ય લોકો આધુનિકતાનો અંચળો ઓઢી તેની મેલી મુરાદને પાર પાડી રહ્યા છે. જે ઝાડનું મૂળ કપાઈ જાય છે. તે લાંબો સમય જીવી નથી શકતું તેમ આપણી સંસ્કૃતિને મરણતોલ બનાવી આપણે જાતે પતનનાં માર્ગે આંધળી દોટ મુકી રહ્યા છીએ એવું નથી લાગતું ?

આધુનિકતા અને પશ્ચિમી સંસ્કૃતિ તરફની આંધળી દોટે આપણને ક્યાંયના રહેવા નથી દીધા. આજે આપણે ખાણી-પીણી-પોષાક અને સભ્યતામાં જે પરિવર્તનોને આવકારીને હોંશભેર અપનાવી રહ્યા છીએ તેનાથી શારીરિક, માનસિક, ધાર્મિક, આર્થિક બધી રીતે નુકશાની જ મેળવી રહ્યા છીએ. આવો આપણે ચિંતન દ્વારા આ નુકશાનને ઓળખી વિનાશને રોકી, પ્રગતિના માર્ગે - વિકાસના માર્ગે આગળ વધીએ.

૧) આપણો પ્રાચીન ખોરાક રોટલી, રોટલા, થેપલા વગેરેને ભુલી બ્રેડ, પીઝા, પાસ્તાની પાછળ પાગલ બનેલા આપણે આ મેંદાની વાસી વાનગીઓ આરોગીને માંદગીને સામેથી નિમંત્રણ નથી આપી રહ્યા? સવારનો વાસી ખોરાક આપણે સાંજે નથી ખાતા જ્યારે કંપનીઓ દ્વારા પેકિંગમાં મળતી ખાદ્ય વસ્તુઓ છ-છ માસ જૂની પણ મસ્તીથી આરોગીએ છીએ. આવા પૅક્ડ ફુડથી થતું નુકશાન જાણતાં હોવા છતાં આપણે તે હોંશેહોંશે ખાઈએ છીએ. એ આપણા સ્વાસ્થ્ય સાથે ચેડા તો નથી કરી રહ્યા ને?

૨) ૧૦ રૂા. કિલો મળતા ટમેટાને તાજા ચટણીના સ્વરૂપે ઉપયોગમાં લેવાને બદલે ૧૫૦ રૂા. કિલો ટમેટો સોસ ખાઈએ અને તે પણ એક-બે મહિના વાસી શું આ સમજદારી છે?

૩) પહેલા એક દિવસ ઘડાનું વાસી પાણી ન પીતા એવા આપણે હવે બે-ત્રણ મહિના જુનું પાણી ૨૦ રૂા. લીટર ખરીદી પીએ છીએ. મીનરલ વોટરના લોભામણા નામ પાછળ ધીમું ક્ષારયુક્ત ઝેર તો પેટમાં નથી પધરાવી રહ્યા ને?

૪) પચાસ રૂપિયે લીટર દુધ આપણને મોંઘુ લાગે છે અને ૬૦-૭૦ રૂપિયે લીટર બે મહિનાના વાસી કોલ્ડ ડ્રીન્ક આપણે હોંશભેર પીએ છીએ. આ સ્વાસ્થ્ય સાથે ચેડા નથી! પેકેટ બંધ ફ્રુટજ્યુસમાં કેમિકલને પ્રિઝર્વેટીવ હોય છે તેમાંથી શક્તિ કેવી રીતે મળે?

# દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

## ★ માતૃદેવો ભવ: ★



# હંસાબેન ધનસુખલાલ વસા

*મૂળ વતન : વંથલી (સોરઠ) હાલ: વસઈ*

જન્મ : ૧૬-૨-૧૯૪૬ સ્વર્ગવાસ : ૧૬-૪-૨૦૧૨

અમારા જીવનજ્યોતિ, અમારા કુટુંબની ઉદ્ધારક, તું હતી તો ઘર ખરેખર ઘર હતું,
આંગણે એક મીઠું સરોવર હતું. ફાયદો-નુકસાનનો હિસાબ શાનો ! તારું બસ હોવાપણું સરભર હતું.

*''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા.''*

આપના પુણ્યાત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ અર્પે
તેમ જ આપના શુભ આશીર્વાદ અમારી સાથે રહે
તેવી અમારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના ! !

**સ્વ. ધનસુખલાલ પ્રભુદાસ વસા**
**રોહિત - અમીત**
**શ્રી જગજીવનદાસ અભેચંદ ધોળકીયા (માખીયાળા)પરિવાર**

એ-૧૦૬, શ્રુતિ સી-૬, દિવાન હાઉસીંગ એન્કલેવ, એવરસાઈન સીટી,
વસઈ (ઈસ્ટ), ૪૦૧ ૨૦૮ મો. ૯૨૨૧૨૩૨૩૭૦
email-rohit_vasa@hotmail.com

KAYAMI / APRIL

૫) ૭૦૦ રૂા. કિલો બદામ મોંઘી લાગે છે. ૫૦૦ રૂા.નો પીઝો આપણે શાનથી ખાઈએ છીએ. એનાથી શારીરિક શક્તિ મળે બીજાથી રોગને આમંત્રણ - આ મૂર્ખતા નથી?

૬) શરીર માટે ફાયદાકારક શુદ્ધ ઘીને આપણે ચરબી વધારે છે કહી મુકી દીધું છે. જ્યારે અખાદ્ય તેલોમાંથી બનતું ફરસાણ, બેકરીની અભક્ષ્ય વાનગીઓ, ૨ થી ૩ હજાર રૂા કિલો મળતી ચૉકલેટોને આપણે હોંશથી ખાઈએ છીએ. કેમિકલમાંથી બનતી મિઠાઈઓ મસ્તીથી આરોગીએ છીએ. આ ક્યાંની સમજદારી છે?

૭) ખુલ્લા, હવાદાર, ઉજાસવાળા મકાનમાં રહેવાને બદલે કરોડો રૂા.ના ફ્લેટો ખરીદીને રહીએ છીએ જેમાં હવા-ઉજાસનો અભાવ જોવા મળે છે. સૂર્ય પ્રકાશ લેવાને બદલે આખો દિવસ એ.સી.માં ગાળનારા કોરોના, ડેંગ્યુ, ચિકનગુનીયા જેવા રોગોમાં જીવી જાય એ જ નવાઈ!

૮) આજકાલ પેકેજીંગ ફુડ સરળતાથી મળી રહેતું હોવાથી બાળકોથી માંડી વૃદ્ધો સુધી બધાં જ લોકો તે વાપરતા હોય છે. એ વાસ્તવિકતા સમજવી જરૂરી છે કે પેકેટમાં નાઈટ્રોજનયુક્ત પ્રિઝર્વેટીવ નાખતા તથા કોડવર્ડમાં લખેલા માંસાહારી ઈન્ગ્રેડિયટનો અર્થ સમજ્યા વગર જે લોકો તેનો ઉપયોગ કરે છે તેઓ શાકાહારી નથી. ઉપરાંત સવારે ઊઠીએ ત્યારે દંતમંજનથી માંડી રાત્રે સુઈએ ત્યાં સુધીમાં ન જાણે કેટલા કેમિકલ શરીર પર લગાડતા આપણે એમ માનતા હોઈએ કે આનાથી આપણી તંદુરસ્તી સારી રહે છે તો તે એક આત્મવંચના જ છે.

૯) ધ્યાન, યોગ, પ્રાણાયામ તથા કુદરત સાથે તાદાત્મ્ય એ સ્વસ્થ જીવન જીવવા માટે જરૂરી છે. આજે આપણે ખુલ્લી હવામાં ઓક્સિજન લેવાને બદલે જિમમાં જઈ કસરત કરીએ છીએ. કુદરત સાથે તાદાત્મ્ય સાધવાને બદલે એ.સી., ગિઝર જેવા ઉપકરણો સાથે જ ૨૪ કલાક રહીએ છીએ પછી માનીએ છીએ કે આપણે તન-મનથી સ્વસ્થ છીએ તો તે એક ભ્રમણા જ છે.

૧૦) શ્રાવક જીવનમાં રહેતા હોઈએ ત્યારે અમુક પ્રકારની હિંસાઓ કરવી જ પડે છે જેમ કે રસોઈ તથા રોજિંદી ક્રિયાઓમાં છકાયની હિંસા થતી હોય છે. પરંતુ જેમ જેમ માનવી આધુનિક જીવન જીવતો જાય છે તેમ તેમ તે અનર્થદંડની હિંસાઓ વધારે કરતો થઈ જાય છે. વિચારજો સવારના ઊઠીએ ત્યારથી રાત્રે સુઈએ ત્યાં સુધી ટીવી, પંખા, એ.સી. મોબાઈલ, નેટ દ્વારા આપણે સતત અશુભ કર્મબંધન કરતાં જ રહીએ છીએ. જિનવાણી શ્રવણ, દર્શન, સામાયિક, પ્રતિક્રમણ જેવી ક્રિયાઓ માટે આપણને સમય નથી જ્યારે નેટ પર ચેટીંગ, ફેસબુક, વોટસએપમાં આપણે કલાકો વિતાવીએ છીએ. આવા કર્મબંધનથી ભારે બનતાં જ રહીશું તો આપણે કર્મમુક્ત બનશું કેમ?

આ તો માત્ર રોજિંદી કેટલીક બાબતોનો જ અહીં વિચાર કરવામાં આવ્યો છે. સુજ્ઞ અને પ્રબુદ્ધ જનોને મારી નમ્ર વિનંતી છે કે તેઓ આપણી જીવનશૈલીને બરાબર જુએ તેના પર ચિંતન-મનન કરે અને પછી વિવેકના દિપકથી મુલ્યાંકન કરીએ કે આપણે ક્યાં છીએ?

આજના આ કોરોનાકાળમાં સમયને ઓળખીએ. તેની માંગ એ જ છે કે આપણે આપણી જીવનશૈલીને, સંસ્કૃતિને, સભ્યતાને તેના મુળ સ્વરૂપમાં જાળવી રાખીએ જો તેમ નહી કરીએ તો પતનની ગર્તામાં ધકેલાઈ જઈશું. આથી જ અવિવેકથી વિવેક તરફ, વિકૃતિથી સંસ્કૃતિ તરફ તથા આંધળા અનુકરણથી આપણી સભ્યતા અને સંસ્કારો તરફ આગળ વધી પ્રગતિના પંથે આગળ વધીએ.

**- પારૂલબેન ભરતકુમાર ગાંધી (M.A.)**
**મો. ૯૭૨૫૬૮૦૮૮૫**

# અગીયારમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. અમીચંદભાઈ જીવનભાઈ વોરા

*જન્મ : તા. ૩૧-૧-૧૯૨૯* *સ્વર્ગવાસ : તા. ૨૧-૪-૨૦૧૧*

*"તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા;*
*સુગંધ જેની ચો-તરફ મૂકતા ગયા."*
*સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં,*
*જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.*
*સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,*
*વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.*

આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ આપે તેમજ આપના આશીર્વાદ હંમેશ અમારી સાથે રહે તેવી અમારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...!!

**લિ. કંચનબેન અમીચંદભાઈ વોરા**
**સ્વ. સંજય અમીચંદભાઈ વોરા**
**સ્વ. પરેશ અમીચંદભાઈ વોરા**

**■ શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર ■**

KAYAMI / APRIL

# એમના માટે વૃદ્ધાવસ્થા નિવૃત્તિનો સમય નથી

**આવરદાનો આંક ઊંચો આવી રહ્યો છે ત્યારે વૃદ્ધોએ પણ પેટિયું રળવા માટે કરવી પડતી મનગમતી અથવા ફરજિયાત પ્રવૃત્તિઓની કહાનીમાં ખુમારી હોય છે અને બેબસ લાચારી પણ હોય છે?**

ઈજિપ્તનો એક વૃદ્ધ રસ્તા પર ઊભો છે અને ચપ્પુ છરીની ધાર કાઢે છે. ત્યાંનો જ બીજો એક વૃદ્ધ રસ્તા પરથી પ્લાસ્ટિકની થેલીઓ ભેગી કરે છે. ચીનમાં એક વૃદ્ધ ભાંગીતૂટી દુકાનમાં નુડલ્સ વેચવા કરવા જઈ રહ્યો છે. બૈરુતનો વૃદ્ધ સાઈકલ પર રોટલા જેવડી બ્રેડ ક્યાંક સપ્લાય કરવા જઈ રહ્યો છે. આંધ્ર પ્રદેશના કોઈ શહેરમાં એક વૃદ્ધા ફૂટપાથ પાથરણું પાથરી ફૂલ વેચે છે. ઉત્તર પ્રદેશના કોઈ ગામમાં એક વૃદ્ધ પગરિક્ષામાં યુવાન યુગલને લઈને જઈ રહ્યો છે. ભારતનું કોઈ ગામ છે, જ્યાં પોતે બનાવેલાં માટીનાં વાસણોની વચ્ચે એક વૃદ્ધા માત્ર છાયલ પહેરીને કામ કરી રહી છે. પોતડી પહેરીને બેઠેલો એક વૃદ્ધ મોટા હથોડાથી ઈંટો તોડી રહ્યો છે. તિબેટની બે વૃદ્ધાઓ ભારતના કોઈ શહેરમાં રસ્તા પર ગરમ કપડાં વેચવા ઊભી છે. મસ્કતનો એક વૃદ્ધ શાકભાજી ગોઠવીને બેઠો છે અને ઝોકે ચઢી ગયો છે. હિમાચલ પ્રદેશની બે વૃદ્ધાઓ લાકડાંના ભારા ઉપાડી પહાડનું ચઢાણ ચઢી રહી છે. કરાચીની ગલીમાં ઉઘાડા ડિલે બેઠેલો વૃદ્ધ સુથારીકામ કરી રહ્યો છે. સિંગાપોરની સડક પર એક વૃદ્ધ એની રેકડી પર જુનાં બોક્સ ખડકીને જઈ રહ્યો છે. ન્યુયોર્કની કોઈ ગલીમાં એક વૃદ્ધ મોચીકામ કરી રહ્યો છે...

આ બધા ફોટા છે અને એ ફોટોગ્રાફીની કમાલ બતાવવા વર્ણવ્યા નથી. આ ફોટા દુનિયાભરમાં હજારો વૃદ્ધ-વૃદ્ધાઓ નિરાંત કરવાની ઉંમરે પણ કામ કરી રહ્યા છે તે દર્શાવે છે. કોણ કહે છે કે અમુક વય પછી માણસ કામ કરતો અટકી જાય છે. આવા અસંખ્ય વૃદ્ધોને કામ કરવું પડે છે તે દરેક પાછળ કોઈ ને કોઈ ઈતિહાસ હશે. એ લોકોના નસીબમાં અઠ્ઠાવન-સાઠ વરસની વય થતાં કામકાજમાંથી નિવૃત્ત થઈ જવાનું સુખ લખાયું હોતું નથી. કામ કરવું એમના માટે જરૂરિયાત હશે. દરેક કિસ્સામાં મજબુરી ન પણ હોય, જિંદગીની રફતારમાંથી ન ખસવાની હઠ પણ હોઈ શકે. આવા લોકો એક માન્યતાને ખોટી પાડે છે કે વૃદ્ધો કુટુંબ પર, સમાજ પર ભારરૂપ હોય છે. કેટલાય વૃદ્ધો બીજા પર આધારિત હોતા નથી, જાતમહેનતથી કમાઈ શકે છે અને પોતાનું અને કેટલાય કિસ્સામાં તો પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકવા શક્તિમાન રહે છે.

કોઈ પણ પ્રકારનું કામકાજ કરીને એ લોકો પોતાનું સન્માન-ગૌરવ સાચવે છે, સ્વતંત્રતા જાળવી શકે છે અને સામાજિક અને આર્થિક રીતે માથું ઊંચું કરીને જીવી શકે છે. વૃદ્ધાવસ્થા એમને પરાજિત કરી શકતી નથી. સંજોગોનો તકાજો હોય કે અંદરથી જાગતી ઊલટ હોય, એ લોકો વૃદ્ધાવસ્થાના પડકારોને સામી છાતીએ ઝીલે છે. આજના યુગમાં આવરદાનો આંક ઊંચો આવી રહ્યો છે ત્યારે વૃદ્ધો પણ પેટિયું રળવા માટે મનગમતી અથવા ફરજિયાત કરવી પડતી પ્રવૃત્તિઓ કરતા રહે છે.

ઈંગ્લેન્ડના એલબર્ગ શહેરનો નેવિલ પેરી એંસીમાં વરસે પણ ત્યાંના સિનેમાગૃહમાં પ્રોજેક્ટરચાલકનું કામ કરે છે. એણે ડિજિટલ પ્રોજેક્ટર ચલાવતાં શીખી લીધું. કહે છેઃ હું મારા સહકાર્યકર્તાઓ સાથે કામ કરું છું ત્યારે વધારે યુવાન થતો જાઉં છું. હું વૃદ્ધ થઈ ગયો છું એવું લાગતું નથી, નિવૃત્ત થઈને ખુરસી પર

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ : ૧૩.૦૫.૧૯૩૩ સ્વર્ગવાસ : ૦૮.૦૪.૨૦૦૨

## સ્વ. શ્રીમતી ભાનુમતી મનસુખલાલ ભીમાણી

આપની ચીરવિદાય ને ઓગણીસ વર્ષ પૂરા થયા.
અમારા પ્રત્યે સદાય પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર અમારા પરમ પૂજ્ય માતુશ્રીને અમો નતઃ મસ્તકે હૃદયપૂર્વક શબ્દો રૂપી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છે કે ''બા, તમે એક એવું વૃક્ષ હતા જ્યાં ઝંઝાવાત પણ નિરાંતનો શ્વાસ લે છે. તમે વહાલનું વાદળ અને વાત્સલ્યનું અમી ઝરણું.... તમારી ગેરહાજરીમાં તમારું વાત્સલ્ય વાયુમંડળના કણ...કણમાં ફેલાઈને અમને સહુને આલિંગન આપે છે.''
એવા પૂજ્ય માતુશ્રીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ....

**લી. શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી પરિવાર**

**પુત્રો :** વિરેન્દ્ર, પરિમલ, મુકેશ, પિયુષ
**પુત્ર વધુ :** પ્રેરણા, દર્શના, નિશીતા, અલ્કા
**પુત્રી :** રેખા
**જમાઈ :** રોહિતકુમાર
**પૌત્રો :** અમિષ, ક્રિતેશ, દિપેશ
**પૌત્ર વધુ :** ભક્તિ, નિષ્ઠા
**પૌત્રી :** કવિતા, વૈશાખી, હિલ્લોની, ધારા
**જમાઈ :** તેજસ, કલ્પેશ, રીતેશ, પારસ
**દોહીત્ર :** જિનેશ
**દોહિત્ર વધુ :** હેમાંગી
**દોહીત્રી :** પૂજા
**જમાઈ :** હાર્દિકકુમાર
**પ્રપોત્ર :** મોક્ષ, વિઆન, આરવ
**પ્રપોત્રી :** પ્રિશા, આશ્વી, હેઝલ

ઝોકાં ખાવા માગતો નથી. એની નિવૃત્ત થવાની વય થઈ ત્યારે સિનેમાગૃહના મેનેજરે પૂછ્યું હતું - તમે કામ કરવાનું ચાલુ રાખવા માગો છો? નેવિલનો જવાબ હતો, હા, તમે મને કાઢી મૂકો ત્યાં સુધી હું મારું કામ કરવા માગું છું.

અમેરિકાની ડિઆના એથિલ પંચાણુ વર્ષની થઈ ત્યાં સુધી કાર્યરત રહી હતી. એણે એની જિંદગી એક પુસ્તક પ્રકાશનગૃહમાં એડિટર તરીકે વિતાવી. સિત્તેરમાં વરસ સુધી ઓફિસમાં જઈને કામ કરતી રહી, પછી ઘેર બેસીને કામ કરવા લાગી. એણે એંસીમાં વરસે પોતાની સ્મૃતિકથા લખી. એણે કહ્યું હતુંઃ આ ઉંમરે કામ કરવાની મજા એ છે કે તમારે કોઈના હુકમ સાંભળવાના હોતા નથી. ઊલટ જાગે તો કામ કરું, પરંતુ કોઈ મને અમુક કામ સોંપે તો ના પણ પાડી દઉં. વૃદ્ધાવસ્થામાં તમે મનના માલિક હો છો.

વૃદ્ધાવસ્થાએ પહોંચેલી દરેક વ્યક્તિ ડિઆના જેવી મનની માલિક રહી શકતી નથી. કેટલાંય વૃદ્ધોને શરીર સાથ આપતું ન હોય, છતાં કામ કરવું પડે છે. કાશ્મીરના ગુલબર્ગમાં એક વૃદ્ધે ગાઈડનું કામ કરવું પડે છે. એના ઘરમાં કમાતો એકનો એક દીકરો અચાનક ક્યાંક ગુમ થઈ ગયો છે. કેરળનો એક વૃદ્ધ હજી પણ માછીમારી કરવા દરિયામાં જાય છે. એનાં ઘરનાં લોકોને દરિયો સુનામીમાં તાણી ગયો છે. હૈદરાબાદમાં ભીખ માગતી વૃદ્ધાઓના ચહેરાની કરચલીઓ જોતાં ઘણું બધું ઉકેલાય છે, છતાં કશું ઉકેલી શકાતું નથી. અમદાવાદમાં એક એંસી વરસની વૃદ્ધા પેટિયું રળવા માટે બીજાના ઘરનું કોઈ પણ કામ કરવા તૈયાર હતી, કારણ કે એનો વૃદ્ધ પતિ પથારીવશ હતો અને દીકરા-વહુ માતપિતાને સાથે રાખવા તૈયાર નહોતાં.

આવાં હજારો વૃદ્ધોની કહાનીમાં ખુમારી હોય છે અને બેબસ લાચારી પણ હોય છે.

**- વીનેશ અંતાણી**

**હલચલમાંથી સાભાર**

## અન્યાય કરનાર સુખી અને સહન કરનાર દુઃખી, આમ કેમ?

માણસને પોતાનાં અધિકાર, ગૌરવ, પરિશ્રમ કે સ્વમાન અનુસારની ચીજવસ્તુ કે પદ, પુરસ્કાર કે સ્વાતંત્ર્ય પ્રાપ્ત ન થાય ત્યારે તેવું વર્તન કરનાર તેની સાથે ન્યાયી રીતે વર્તતો નથી એવું તેને લાગે છે. ન્યાયોચિત્તતાથી વિપરીત વાણી, વર્તન કે વ્યવહાર માણસને કઠે છે અને દુઃખી કઠે છે. અન્યાય કરનાર તન, મન કે ધન અથવા સત્તા કે પદથી સમર્થ હોય તો તેનો પ્રતિકાર કરવાનું સામાન્ય રીતે અન્યાયગ્રસ્ત માટે મુશ્કેલ છે. ખરેખર તો નિર્દોષ વ્યક્તિ કોઈકના ત્રાસ, જોરજુલમ, શોષણ, અમાનુષીય વ્યવહાર, હિંસા અથવા અન્યાયપૂર્ણ વલણ કે વર્તનનો ભોગ બને ત્યારે ન્યાયમાં માનનારોઓએ તેને પડખે રહેવું જોઈએ, જેથી અન્યાયકર્તાનું તેજ હણાય અને એ પોતાના અન્યાયી આચરણમાંથી અટકે, પરંતુ સમાજમાં જ્યારે નૈતિક હિંમતની ઓટ અને ખોટનું વાતાવરણ પ્રવર્તતું હોય ત્યારે માણસો પોતપોતાનું સંભાળીને બેસી રહેવામાં શાણપણ માને છે.

અન્યાય કરનારા સુખી હોય છે, કારણકે ન્યાય માટે ઝઝૂમનારા લોકોને ટેકો આપનારાની સંખ્યા ઓછી હોય છે. 'તારી જો હાક સૂણી કોઈ ન આવે, તો એકલો જાને રે' પંક્તિ ગાવામાં સરસ લાગે, પણ 'એકલા જનારા' એવા વીરોની વીતકકથાઓ વાંચીએ તો કાળજાં કંપી જાય.

એક વણલખ્યો સિદ્ધાંત છે કે, જે વ્યક્તિ, જે વસ્તુ, જે કુમાર્ગો, કુસાધનો વડે પ્રાપ્ત કરે છે, તેને તે જ માર્ગે લગભગ તેવાં સાધનો વડે ગુમાવવાનો વારો પણ આવે છે. સરવાળે તો સરળ, નેક અને સાત્ત્વિક જિંદગીનો જ વિજય થાય છે.



## શ્રદ્ધાંજલિના
## સુમન
## ૬૮મી પુણ્યતિથિ

# સ્વ. ભગવાનજી ઝીણાભાઈ મહેતા

**સ્વર્ગવાસ : વૈશાખ સુદ ૧૧ ગુરૂવાર તા. ૧૩-૫-૧૯૫૪**

**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે, વસ્યા છો દુર છતાં, કૃપા આપની વરસતી રહેશે.**
**નામ છે ''ભગવાન'' પોતાના નામને સાર્થક કરી ગયા.**
**આપનો ફોટો નજર સમક્ષ જોતા આપ સદા યાદ આવો છો અને નયનો આંસુઓ થી ઝલકાય જાય છે**
**મહાવીર ભગવાનને પ્રાર્થના કરીએ કે આપ જ્યાં હોય ત્યાં આપને જૈન ધર્મનું શરણું પ્રાપ્ત થાય.**

વર્ષો વીતી ગયા પણ યાદ તમારી હજુ પણ જીવંત છે. અને અમારા સુકૃત્યો એ આપના પુણ્યની નિપજ છે. અમારા સુખદુ:ખની પ્રત્યેક પળોમાં આપની પ્રેરણા અને આશીર્વાદ વરસતા પ્રભુ તમારા પુનીત આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.

**અહર્નિશ વંદન**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધૂ | : | **વિનોદ-નયના,** |
| પૌત્ર-પૌત્રવધૂ | : | **આશિષ-ચાંદની** |
| પૌત્રી-જમાઈ | : | **સોનલ-વિશાલ** |
| પ્રપૌત્રી-પ્રપૌત્ર | : | **વિયોના, માહિત** |
| દોહિત્ર | : | **ક્રિશ** |
| પુત્ર-પુત્રવધૂ | : | **સુરેશ-જયશ્રી** |
| પૌત્ર-પૌત્રવધૂ | : | **ભાવીન-કિંજલ** |
| પૌત્ર-પૌત્રવધૂ | : | **જીમીત-કૃપા** |
| પ્રપૌત્ર-પ્રપૌત્રી | : | **રિયાન-વિયા** |
| બહેન | : | **પુષ્પાબેન નવનીતલાલ વસા** |

**તથા સમસ્ત મહેતા પરિવારના સર્વેની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

KAYAMI / MAY

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ - ઘાટકોપર દ્વારા આયોજીત બ્લડ ડોનેશન અને મેડિકલ કૅમ્પ



**ઘાટકોપરના શ્રેષ્ઠીવર્યો સાથે પ્રમુખ શ્રી ધીરેનભાઈ વસા**

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જેન મિત્ર મંડળ - ઘાટકોપર દ્વારા રવિવાર ૧ મે એ શિવાજી હૉલ, કામા લેન, ઘાટકોપર વેસ્ટમાં સમર્પણ બ્લડ બૅન્કના સહયોગથી રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. એની સાથે મેગા મેડિકલ કૅમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. એમાં આઈ ચેકઅપ, બ્લડ ટેસ્ટ જેવી વિવિધ ટેસ્ટ રાહતદરે કરવામાં આવી હતી.

એમાં સમાજના પરિવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ માહિતી આપતાં શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ - ઘાટકોપરના મંત્રી કીર્તિ વસાએ જણાવ્યું હતું કે ‘અમારા બન્ને કૅમ્પોને સફળ કરવામાં અમારા પ્રમુખ ધીરેન વસા, મંત્રી મુકેશ ઠક્કર, ટ્રેઝરર અનિલ પારેખના સાથ-સહકાર સાથે અમારા કો-ઑર્ડિનેટર શૈલેષ મહેતાએ ઉમદા કામગીરી માટે ખુબ જ મહેનત કરી હતી. એની સાથે ડૉક્ટરો તથા તેમની ટીમનો સહયોગ તો ખરો જ, જેમના વિના આવાં ઉત્તમ



**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપરના કારોબરી સમિતિના સભ્યો**

કાર્યો સરળતાથી પુરાં કરવા અશક્ય છે. અમારા બ્લડ ડોનેશન કૅમ્પમાં ટોટલ ૨૬ વ્યક્તિએ દાન કર્યું હતું. જ્યારે અમારા મેડિકલ કૅમ્પમાં પેથોલૉજી ટેસ્ટમાં ૧૬ વ્યક્તિઓએ અને આઈ ચેકઅપમાં ૨૯ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.’

**આપણા સમાજના યુવા વર્ગની લાગણીને માન આપીને આ અંકથી આપણે આપણા મુખપત્રમાં અંગ્રેજી વિભાગ ચાલુ કરીએ છીએ. શરુઆત આચાર્ય શ્રી રજનીશના મનનીય લેખથી કરીએ છીએ. આ વિભાગ સંભાળવાની જબાબદારી આપણા સમાજના સન્માનનીય સભ્ય શ્રી પ્રવિણભાઈ વોરા (પી. સી. વોરા) એ સ્વિકારી છે. તે બદલ આપણે તેમના આભારી છીએ.**

**વધુ વિગત માટે શ્રી પ્રવિણભાઈ વોરા નો મો. ૯૩૨૧૦૨૪૭૫૭ પર સંપર્ક કરવા વિનંતી.**

# PREFACE

Our young generations are one of the strongest pillars as well as the back-bone for the progress and development of our S.V.Jain Samaj – Mumbai and therefore, it is our earnest desire to attract them through their preferred language – English Medium for communication purpose. Most of them have either studied or are studying in English and as such we also need to effect necessary changes for their inclusion into our Samaj activities.

During our interaction with them at GSPL, we observed and experienced that they would love to have at least few pages in English. We have also learnt that study of Jain Philosophy course by University of Mumbai is mainly conducted through English Medium and majority of these students are Jains and their preferred language is English.

With this view in our mind, we have decided to allocate atleast 3-4 pages in our Mukhpatra with immediate effect i.e. from April 2022 onwards. We shall be providing them news, information and articles of their interest. For this purpose, we have entrusted this Section to 2-3 members of our Committee to devote their time for necessary development into this field.

To begin with this Section, we are publishing herewith an article by Acharya Rajneesh (OSHO) who had written in his biography about Great Speculator and Great Donor, Late Sheth Shri Sohanlal Dugar in his time. We hope this will be of interest to our youth and aged alike.

Over to you with the said article :

**‘IF WE JUDGE PEOPLE, NOBODY IS OURS”**

**“IF WE UNDERSTAND PEOPLE, EVERYONE IS OURS”**

**OSHO**

# The Sword and the Lotus

**Acharya Rajnish**

I was lecturing in Jaipur, and the richest man of Jaipur was Sohanlal Dugar. He was so rich, he was far richer than the king. In creating Jaipur, the king had borrowed much money from Sohanlal Dugar. Nobody knew how much money that man had, because he had no books.

He told me, ''I don't have any books, so I don't pay any income tax. Nobody knows how much I have.'' And then I found out where his books were. He had written them in his bathroom on the walls, in a language which is no more used, old Rajasthani. It is very difficult to read, and those were short notes; you could even read them, but you would not be able to figure out what they meant. He was the only man who knew.

He had come with me to the meeting in his beautiful limousine, and he met me for the first time. After the meeting, he had come to take me - but before taking me to the car, he poured almost ten thousand rupees at my feet. He said, ''You have to accept them!''

I said, ''But I don't need them right now. You can keep them on my behalf. Whenever I need them I will inform you, 'Send me the money.''

He said, ''That cannot be done - because I am a gambler. Today I have, tomorrow I may not have.''

He was one of the greatest gamblers you can conceive of. He was known as the Silver King of India. Once he purchased all the silver available in India, and raised the ...... so high, and then started selling slowly from different places at a high rate. He accumulated millions and millions of rupees. And that was his strategy: to purchase anything wholesale from all over the country, and then automatically the price would go ten, twenty times higher. Then he would start releasing it very slowly in different places, so the prices don't fall.

He said, ''Today I have, tomorrow I may not have, so I cannot take that responsibility. You have to accept them right now.''

Seeing that I was not interested in accepting the money, because I don't have even pockets to keep it, so where to keep it? - just to carry ten thousand rupees in my hands?... I don't have anything: no pockets, no wallet, no bag, just a robe without any pockets. And I have lived without pockets, because my hands are always in other people's pockets. Why bother? - there are so many millions of pockets around, what is the need of having separate pockets? I believe in on humanity!

So I told him, ''It will be very difficult for me. Tonight I am leaving, and ten thousand rupees will be sitting by the side of my couch in the train. Anybody can take them; I cannot just remain watching them.''

He said, ''Listen..'' He had tears in his eyes, and he was an old man, more than seventy. He said, ''Listen, just look at my tears. I am a

poor man, because I don't have anything except money.''

I have not forgotten his statement, I have not forgotten his tears. I have nothing to say to such a man who says, ''I am so poor, I have nothing but money, and if you reject money you reject me. Please don't reject me. It will become a wound in me. Nobody has ever rejected me!''

So I said ''Okay. For your sake I take the money." I gave half the money to the organization that had arranged the meeting and had been arranging meetings for me for years, and the other half I gave to Jaipur's library to purchase more and more agnostic literature, which is neither theist nor atheist but purely of those who are inquirers, seekers.

He came with me to leave me on the railway station. He said, ''I am so happy that you accepted, although you gave it away - but that is not my problem. It was your money, you have given it. You have accepted it, so I am at ease. I have never felt so happy. You have made me so blissed out, I am grateful to you. Just one promise I want.''

I said, you are now getting greedy!''

He said, ''I am greedy, otherwise why should I collect so much money? Just one promise...''

I said, ''Let me first hear it.''

He said, ''No. Do you want me to cry again?''

I said, ''No, I don't want that, Granted... your wish is granted. just tell me what is the idea behind it.''

He said, ''Just one thing: whenever you come to Jaipur or to Calcutta, you have to inform me, and you have to stay with me - I live sometimes in Jaipur and for longer periods in Calcutta - you have to be with me. When are you coming again to Jaipur?''

I said, ''I will be coming after three months.''

He said, ''Promise that you will stay with me?''

I said, ''Promised.''

He said, ''Great. That means at least three months I am going to live.''

I said, ''That is a great idea!''

''For three months no force can kill me. I have to survive three months, atleast, and then I will take another promise.''

And while he lived I had to stay with him in Jaipur and I had to stay with him in Calcutta. I had to inform him continuously that I was coming here, I was coming there - ''so you be there!'' And he used to come immediately from whenever he was to receive me, in Calcutta or in Jaipur. And he would always give me a send-off with the words. ''One promise...?

Because, ''he said. ''I am living on your promises. I cannot die if I know that after three months you are going to be my guest.''

But the way he said, ''I am the poorest man in the world because I don't have anything else than money. If you reject the money, you reject me. Don't do that to an old man, the would may be fatal'' - this is far greater than this Christian statement: ''It is better to give than to receive.

# BIO - DATA



| | | |
|---|---|---|
| Name | : | **Dhaval Kirit Mehta** |
| Date of Birth | : | 26-11-1992 |
| Place of Birth | : | Dombivli |
| Time | : | 10:44 pm |
| Height | : | 5.7" |
| Weight | : | 54 |
| Completion | : | Fair |
| Education | : | B. Com. (KJ Somaiya College) |
| Hobbies | : | Music |
| Native Place | : | Vanthali (Sorath) |
| Occupation | : | Business<br>Jalaram Novelty, Dombivli |
| Cast | : | Shree Sorath Vishashrimali Jain |

**Family Details**



| | | |
|---|---|---|
| Father | : | Kirit Gulabchand Mehta |
| Mother | : | Rita Kirit Mehta |
| Grand Father | : | Late Gulabchand Bhagvanji Mehta |
| Grand Mother | : | Late Nirmalaben Gulabchand Mehta |
| Sister (Married) | : | Mansi Ronak Doshi, Borivali |
| Mosal | : | Late Chimanlal Thakarsi Vora, Magarvada (Dombivli) |
| Residence | : | A2, Matru Aashish, Tilak Road,<br>Taipingle Chowk,<br>Dombivli (E), 421201. |
| Business Add | : | Jalaram Novelty<br>Shop No. 2, New Dhapre Bldg.,<br>Bhagat Sing Road,<br>Dombivli (E), 421201. |
| Contact | : | 8097130465 |

સોરઠ વિશાશ્રીમાળી ૩૭ એપ્રિલ-મે૨૦૨૨

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની ભેટની રકમ નીચે લખેલ બેંકના ખાતાનાં જમા કરશોજી

**NAME : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**

**BANKER : BANK OF BARODA,**

M. J. MARKET, MUMBAI - 400 003.

**S. B. A/C NO.: 03870100000044**

**IFSC : BARB0BULLIO** (આ કોડમાં પાંચમું કેરેક્ટર ઝીરો છે.)

**MICR : 40012047**

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટની રકમ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી.

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**

**BANKER : UNION BANK OF INDIA,**

PRINCESS STREET, MUMBAI - 400 002.

**S. B. A/C NO.: 319102010054364**

**IFSC : UBIN0531910**

## નારી

ઘરની શોભા, આભા ને સંચાલક છે નારી,
દીકરીથી જનેતાનું, કરુણામય સ્વરૂપ છે નારી,
ધીરજ, ક્ષમા ને સહનશીલતાને વરી છે નારી,
સદા નવપલ્લવિત ને મમતાનો ભંડાર છે નારી,
દર્દ દિલમાં દબાવે આંસુ આંખમાં છુપાવે,
તોય સ્મિતથી ઊભરાતો ચહેરો છે નારી,
માતા, ભગિની કે જીવનસંગિની છે તું નારી,
તારાં સર્વ સ્વરૂપો જગતને પ્યારાં છે નારી.

**– ભૂપેન્દ્ર ત્રિવેદી અને ચંદ્રકાંત પારેખ**

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી

**SHRI SORATH VISHASHRIMALI SHUBHECHHAK MITRA MANDAL**

BANKER : **BANK OF INDIA,**

**80 G AACTS 1446 GF 20214 Dt. 28.5.21**

**bullion e**xchange branch, Mumbai

**A/C NO.: 000810100006108**

**IFSC CODE NO.: BKID0000008**

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ No.: 9833500508ના વોટ્સએપ ઉપર મોકલી આપવા વિનંતી)

## સંસ્થા સમાચાર

આપણા સમાજની ઓફિસ હવે બપોરના ૧થી ૬ સુધી ચાલુ રહેશે. તો સહુએ નોંધ લેવા વિનંતી.

સમાજના જે પણ ભાઈ અથવા બહેનને કોઈપણ લેખ અથવા કવિતા અથવા શ્રદ્ધાંજલિની વિગત મોકલવી હોય તો નીચે આપેલા ઈમેલ આયડી પર મોકલશો.

આપણા સર્વે સભ્યભાઈઓને નમ્ર વિનંતી કે આપ સહુ વેબ-સાઈટ માટે આપના કુટુંબના વડીલનું નામ અને એડ્રેસ તથા મોબાઈલ નંબર સાથે રજીસ્ટર કરો.

**Website Registration** માટેનો

**Mobile No. 9321775805**

**Email : - crcmumbai@gmail.com**

આપણો સમાજનું મુખપત્ર વેબસાઈટ પર દરેક મહિને મુકવામાં આવે છે, તો વાંચકોએ તેની નોંધ લેવી.

જ્ઞાતિબંધુને કોઈપણ લેખ અથવા કવિતા મોકલવી હોય તો સમાજની ઑફિસે પણ મોકલાવી શકે છે.

સરનામામા ફેરફાર

**Manish Satishchandra Mehta**
Khsitija, B/20, 004, Sector 1,
Shanti Nagar, Mira Road (E),
Thane - 401107
M. 9323939223, 7738239223

****

**Manish Kishor Vora**
206, Alexandria CHS, 2nd Floor,
Skyline Oasis Complex, Premier RPAD, Ghatkopar (West), Mumbai - 400 086
M. 9821022293

****

**Hardik Vinod Mehta**
A-302, Apsara Building,
Road No. 7, 3rd Floor,
66-67, Daulat Nagar,
Borivali (East) Mumbai - 400 066.
M. 8108897948, 9224498603

****

**Dhirajlal N. Parekh, Sachin D. Parekh**
Flat No. 801, Floor No. 8, Plot No. 719,
Borivali, Yashprabha Co-op. Hsg. Society,
Kastur Park, Shimpoli Road, Opp. Satra Park, Borivali (West) Mumbai - 400092

****

**Ramesh Chhotalal Shah**
703/704, Kailash Tower, Shiv Srishti Complex, Opp. Blue Dart Courier, Mulund Goregaon Link Road, Nahur Mulund - West Mumbai - 400 080

****

**Parul Bharatkumar Gandhi**
'MAA', Block No. 31, Arunoday Society,
Near Satyam Township, Zadeshwar,
Bharuch, Pincode - 392011.
Gujarat M. 9725680885, 9824485410

****

**Mukesh Jayantilal Doshi**
402 Harsh vihar, Bldg. No. 41 -A,
Sector No. 1, Shanti Nagar, Mira Road (E),
Thane - 401107

****

**Dipen Jayantilal Mehta**
A-1102, Prabhat CHSL, Bldg. No. 20,
Near Shastrinagar Play Ground,
Shastrinagar,
Goregaon (W) Mumbai - 400104

****

**Bindesh Sobhagchand Sheth**
B-1701 Florentine,
Hiranandani Gardens, Powai,
Mumbai - 400 076

****

**Kirti Rasiklal Vasa**
401, Bhoj Bhavan, S. T. Road,
Opp. Akbarallys, Chembur, Mumbai- 400 071

****

**Rita Nilesh Vasa**
22, Tilak Dham Bldg, B Wing,
Flat No. 704, 7th Floor, Tilak Nagar,
Chembur, Mumbai - 400 071

****

**D. P. Mehta**
Arihant
3, Saurashtrakala Kendra Society,
Kalavad Road,
Rajkot- 360007

****

**Narendrakumar Chandulal Doshi**
A/10, 3rd Floor, Kavita Darshan Co. Op. Hsg. Society,
Near Meghdut Bldg. Natakwala Lane,
Borivali Mumbai-92
M. 9870128027

****

**OS 5270**
**Sanjay Ajitbhai Sheth**
303-304, Kalash Residency, Near Gadhavi Society,
Ishita Tower Road, Navrangpura,
Ahmedabad - 380014 - Gujarat

****

**Rajnikant Harilal Mehta**
B-52, Flat Number 304,
Shri Ambe Santinaga CHS Ltd,
Sector Number 1, Miraroad (East),
Thane - 401107
M. 9825219534

****

**Harish Sharadchandra Vasa**
A-602,Vera Power, Atmosphee,
Mulund Goregaon Link Road,
Mulund (W), Mumbai- 86
M. 7738305754

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઇ

## ફેબ્રુઆરી - માર્ચ ભેટની યાદી

### સમાજને ભેટ

૨,૫૦૦/- હસમુખરાય મનસુખલાલ વોરા તરફથી શ્રીમતી મધુબેન હસમુખરાય વોરાના આત્મશ્રેયાર્થે

૨,૫૦૦/- જસ્મીનભાઈ લલીતભાઈ શેઠ તરફથી હ. પ્રતીકના લગ્ન પ્રસંગે

૨,૫૦૦/- સ્વ. હેમતલાલ જગજીવન મહેતા પરિવાર તરફથી પૂ. માતુશ્રી નિર્મળાબેન હેમતલાલ મહેતાના આત્મશ્રેયાર્થે

૧,૦૦૧/- કીર્તીભાઈ રસીકલાલ વસા તરફથી ચિ કૌશલના લગ્ન પ્રસંગે

૧,૦૦૦/- મધુબેન રમેશભાઈ શાહ પરિવાર તરફથી રમેશભાઈ રતીલાલ શાહના આત્મશ્રેયાર્થે

૧,૦૦૧/- ચી. જસવંતીબેન દ્વારકાદાસ કુવંરજી વોરા પરિવાર તરફથી સ્વ. જસવંતીબેન દ્વારકાદાસ વોરાના આત્મશ્રેયાર્થે

૧,૦૦૦/- નવીનચંદ્ર ઓધવજી મહેતા પરિવાર તરફથી નવીનચંદ્ર ઓધવજી મહેતાના આત્મશ્રેયાર્થે

૫૦૧/- જીગ્નેશભાઈ હરિલાલ મહેતા તરફથી ચિ. વિદેહીબેનની દિક્ષા પ્રસંગે

૨૫૧/- જીતેન્દ્રભાઈ મોહનલાલ મહેતા તરફથી ચિ. ચાર્મીના લગ્ન પ્રસંગે

૨૫૧/- ભાવિકાબેન દિલીપભાઈ મહેતા તરફથી ભાવિકાબહેનના ઉપધાન તપ પ્રસંગે

૧૧૧૧/- રોહિત વસંતરાય શેઠ તરફથી દક્ષાબેન વસંતરાય શેઠના આત્મશ્રેયાર્થે

### મુખપત્રને ભેટ

૨,૫૦૦/- સ્વ. હેમતલાલ જગજીવન મહેતા પરિવાર તરફથી પૂ. માતુશ્રી નિર્મળાબેન હેમતલાલ મહેતાના આત્મશ્રેયાર્થે

૧,૦૦૧/- સ્વ. જસવંતીબેન દ્વારદાકાદસ કુંવરજી વોરા પરિવાર તરફથી સ્વ. જસવંતીબેન દ્વારકાદાસ વોરાના આત્મશ્રેયાર્થે

૫૧૧/- રોહિત વસંતરાય શેઠ તરફથી દક્ષાબેન વસંતરાય શેઠના આત્મશ્રેયાર્થે

૫૦૦/- જીગ્નેશભાઈ હરીલાલ મહેતા તરફથી ચિ. વેદીહીબેનની દિક્ષા પ્રસંગે

૨૫૧/- જીતેન્દ્રભાઈ મોહનલાલ મહેતા તરફથી ચિ. ચાર્મીના લગ્ન પ્રસંગે

૨૫૧/- ભાવિકાબેન દિલીપભાઈ પારેખ તરફથી ભાવિકાબહેનના ઉપધાન તપપ્રસંગે

### શૈક્ષણિક સહાય ભેટ

૨૫૦/- મધુબેન રમેશભાઈ શાહ પરિવાર તરફથી રમેશભાઈ રતીલાલ શાહના આત્મશ્રેયાર્થે

## ડૉ. શાંતિલાલ રતીલાલ કોરડીયા મેડીકલ રાહત ફંડ

૫,૦૦૦/- સ્વ. હેમતલાલ જગજીવન મહેતા પરિવાર તરફથી પૂ. માતુશ્રી નિર્મળાબેન હેમતલાલ મહેતાના આત્મશ્રેયાર્થે

૫૦૦/- મધુબેન રમેશભાઈ શાહ પરિવાર તરફથી રમેશભાઈ રતીલાલ શાહના આત્મશ્રેયાર્થે

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ-મુંબઇને આવેલ ભેટની યાદી - ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૨

### આર્થિક સહાય

૧,૦૦૦/- શ્રી શૈલેશભાઈ વૃજલાલ વોરાના પુત્ર ચિ. કેવલના લગ્નપ્રસંગે

૫૦૧/- જય શાંતિલાલ વોરા તરફથી ચિ. રાશીના ઉપધાન તપ નિમિત્તે ભેટ

૫૦૧/- જય શાંતિલાલ વોરા તરફથી ચિ. રાશીના ઉપધાન તપ નિમિત્તે ભેટ

૫૦૧/- મીતુલ સુરેશભાઈ રામાણી તરફથી ચિ. સ્તુતીના ઉપધાન તપ નિમિત્તે ભેટ

૫૦૧/- કમલેશભાઈ ચંદુલાલ મહેતા તરફથી ચિ. કિંજલના લગ્ન પ્રસંગે ભેટ

૫૦૧/- નીતાબેન હસમુખભાઈ દોશી વર્ધા (મહારાષ્ટ્ર) તરફથી સ્વ. હસમુખભાઈ નગીનદાસ દોશીના આત્મશ્રેયાર્થે ભેટ

૫૦૦/- જીગ્નેશભાઈ હરીલાલ મહેતા તરફથી ચિ. વૈદેહીના દિક્ષા પ્રસંગે

૫૦૦/- જયેશભાઈ શરદચન્દ્ર વસાના ધર્મપત્ની શ્રીમતી દર્શનાબેનના ઉપધાન તપ નિમિત્તે

## અનુપ્રેક્ષા... જયણાની જડીબુટ્ટીઓ

n પૂ. સા. શ્રી ચિત્તરંજનાશ્રીજી મ.સા.

- મોરનાં પીંછાંથી સાપ અને ગરોળી દૂર ભાગી જાય છે.
- કેસરમાં કાળા મરી રાખવાથી જીવોત્પત્તિ અટકે છે.
- પુસ્તકના કબાટમાં ડામરની ગોળી અને ઘોડાવજ રાખવાથી જીવોત્પત્તિ થતી નથી.
- અનાજમાં પારો રાખવાથી જીવાત થતી નથી.
- ચોખા, ઘંઉ વગેરે દિવેલ મોવાથી જીવાત પડતી નથી.
- ડામર પર નિગોદ થતી નથી. ડામર ઊધઇની ઉત્પત્તિ પણ અટકાવે છે.
- સૂકા ચૂનાથી અને ફિનાઇલ ગોળીથી વાંદા બહાર આવતા નથી. કબાટમાં ગંધારોવજ રાખવાથી વાંદા થતા નથી (તમાલપત્રના પાનની ગંધથી પણ વાંદા અને ગરોળી જતાં રહે છે. જ્યાં ઉપદ્રવ હોય ત્યાં લીંબુના રસથી પોતું કરી દેવું અને લીંબુની છાલ ત્યાં મૂકી દેવી. બેકિંગ સોડા એક બાઉલ જેટલા અને ખાંડ તેમાં ચોથા ભાગની લઈને મૂકવું.)
- કેરોસીન, લિંબોળીના તેલ, સંતરાના તેલથી મચ્છર કરડતા નથી. લીમડાના સૂકા પાનનો ધુમાડો અને રાજીવ દીક્ષિતના કથન મુજબ ગાયના ગોબરનો ધૂપ પણ મચ્છરનો ઉપદ્રવ દૂર કરે છે જેનાથી મચ્છર મરતા નથી.
- કેરોસીનના પોતાથી પણ માંકડ, ઊધઇ, વાંદા, કીડીઓ થતી અટકે છે.
- રાખ, મીઠું, કંકુ, હળદર, કપૂરનું મિશ્રણ કીડીઓનો ઉપદ્રવ દૂર કરે છે.
- ફિનાઇલની ગોળી અને મરીનું ચૂર્ણ પાણી જોડે મિશ્ર કરી છાંટવાથી ગરોળી નહીં આવે.

નોંધ : કેટલોક અન્ય જગ્યાએથી ઉમેરો કરેલ છે.

# અવસાન નોંધ

પીપલાણા નિવાસી હાલ સાયન મુંબઈ ગુલાબબેન છગનલાલ હીરાચંદ ભણશાલી (ઉ.વ.૯૩) તે હરેન્દ્રભાઈ (હિતેશભાઈ), રાજેશભાઈ, હંસા જયપ્રકાશ મહેતા, હર્ષદા કનકભાઈ કોરડીયા, કિરણ મહેશ મહેતા, કવિતા મહેન્દ્ર ધોળકીયા તથા કલ્પના નિતીન દોશીના માતા. લલીતા તથા સ્વ. અંજનાના સાસુ, કુનાલ, ઈશા, આન્યા, શૌર્ય તથા વિહાનના દાદી. સ્વ. હરિભાઈ, સ્વ. મોહનભાઈ, સ્વ. જાદવજીભાઈ, સ્વ. છોટાલાલભાઈ તથા સ્વ. ચત્રભુજ હિરાચંદ ભણશાલીના ભાઈના પત્ની. પિયરપક્ષે સ્વ. માણેકલાલભાઈ સ્વ. રમણીકભાઈ, વિનોદભાઈ તથા ભોગીભાઈ ઝવેરચંદ વસાના બેન. બુધવાર તા. ૨૩-૩-૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

****

વંથલી - સોરઠ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. દ્વારકાદાસ કુંવરજી વોરાના ધર્મપત્ની ગં. સ્વ. જશવંતી દ્વારકાદાસ વોરા (ઉ. વર્ષ ૯૪) શનિવાર તા. ૯-૪-૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સુરેશભાઈ, સ્વ. અનિલભાઈ, સ્વ. બિપીનભાઈ, વિનોદભાઈ તથા સ્વ. હરેશભાઈના માતુશ્રી, અ. સૌ. મૃદુલાબેન, સ્વ. હંસાબેન, સ્વ. સાધનાબેન, અ. સૌ. હીનાબેનના સાસુ તથા પિયર પક્ષે જેતપુર નિવાસી સ્વ. ચંચળબેન ભીમજી ઓતમચંદ દોશીના સુપુત્રી. તે સ્વ. લક્ષ્મીચંદભાઈ, સ્વ હરસુખભાઈ, સ્વ. ધનસુખભાઈ તથા ગં. સ્વ. મંગળાબેનના બેન, ભાવેશ, ઊર્મિ, કેતકી, રેખા, કેતન, દિપ્તી, આશા, મેહુલ, ખ્યાતિ અને નેમિશના દાદિ.

****

વંથલી નિવાસી હાલ ઘાટકોપર શ્રીમતી હસુબેન ભોગીલાલ તારાચંદ સંઘવીના સુપુત્ર રોહિતના ધર્મપત્ની માધવીબેન (૫૯) નવકાર મંત્રનું સ્મરણ કરતાં તા. ૧૨.૫.૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સાહિલ તથા દર્શિલના માતુશ્રી, વિનીતાના સાસુ, ડૉ. રજનીકાંત તથા હેમંતના નાના ભાઈના પત્ની, હેમાબેન તથા દીનાબેનના દેરાણી, ડૉ. નેહલ, ડૉ. મેહુલ, ધવલ-મનાલી, સુજય-વિક્તીના કાકી, માયરા, આદિત તથા પનાયશાના નાની-દાદી અને પિયર પક્ષે વિલે પાર્લે નિવાસી નીતાબેન વસંતભાઈ શાહના સુપુત્રી છે.

****

વડાલ નિવાસી હાલ વિલે પાર્લે મુંબઈ, શ્રી શોભાગચંદ દુર્લભજી ધોળકિયા (ઉ. વર્ષ ૯૧) મંગળવાર તા. ૧૯-૪-૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. કલાવતીબેનના પતિ, તે પરેશ, દક્ષા ભરતભાઈ દાણી તથા દર્શના કિરીટભાઈ શાહના પિતાશ્રી, સોનલના સસરા તથા હેતાના દાદા, તે સ્વ. પ્રાણજીવનભાઈ, સ્વ. પ્રભુદાસભાઈ, સ્વ. ચુનિભાઈ, સ્વ. મગનભાઈ, સ્વ. મણીભાઈ, સ્વ. શાંતાબેન, સ્વ. સવિતાબેન, સ્વ. પ્રભાબેન તથા સ્વ. કાંતાબેનના ભાઈ. તે સ્વ. વિનયચંદ્ર ફૂલચંદ વસાના જમાઈ.


**Universal Marketing**

**અમારા પાસેથી રાજકોટની સારી બ્રાન્ડના ખાખરા તથા ભાખરી મળશે તેમાં ૧૦ સ્વાદમાં મળશે તેની અવધિ ૪ માસની રહેશે. ટેસ્ટ કરી અમોને મોકો આપો.**



નરેન્દ્ર ભણસાલી
Mobile : 9769029539

**Suraj Brand Khakhra**
Building D/3, Flat - 42, Palm View Society,
Near Vidyavihar East Station
Vidyavihar (E), Mumbai - 400 077.

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મઃ
૩૦-૭-૧૯૩૩



અરિહંતશરણઃ
૦૨-૦૫-૨૦૨૧

## સ્વ. સોભાગચંદ અમીચંદ શેઠ (ધોરાજી / બુટાવદર)

તમારું જીવન અમારી પ્રેરણા હતું.
તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા.
તમારા સરળ જીવન દયાળુ સ્વભાવ ભવનાશિલતાને ક્યારેય નહી ભૂલીએ.
અમારા સુખ-દુઃખની પ્રત્યેક પળોમાં આપની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહે.
અને પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે આવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના

**શ્રીમતી પ્રફુલ્લા સોભાગચંદ અમીચંદ શેઠ પરિવાર**

(ઓમદુરમાન - સુદાન, હાલ મુંબઈ)

| | | |
|---|---|---|
| પુત્રો | : | બિંદેશ અને સંજીવ |
| પુત્રવધૂઓ | : | મિન્નું અને સુઝાન |
| પૌત્રી / પૌત્ર | : | માનસી, દેવી, શ્રીયા, શિવમ |
| પુત્રી / જમાઈ | : | મિનલ શાહ - ડૉ. ભદ્રેશભાઈ શાહ |
| દોહિત્ર | : | નિશિલ, સાહિલ, રોનક |

# પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## શ્રી ચંદ્રકાંત ડાહ્યાલાલ વોરા

અરિહંત શરણ : તા. ૨૧-૪-૨૦૨૧

સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.
સુખને છલકાવ્યું નહી, દુઃખને દેખાડ્યું નહી
જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં
મારા સુખ-દુઃખની દરેક પળોમાં આપની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહો
અને પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના

લિ.

**જય વિજય એન્ટરપ્રાઈઝ**

| | | |
|---|---|---|
| પુત્ર | : | જયેશભાઈ |
| પુત્રવધુ | : | દિપ્તીબેન |
| જમાઈ | : | બિપીનભાઈ સંઘરાજકા (નાયરોબી - Basco Paint) |
| દિકરી | : | હર્ષદાબેન સંઘરાજકા (નાયરોબી) |
| પૌત્ર | : | રાજ જયેશભાઈ વોરા |
| પૌત્રી | : | રિમા સુતરીયા |
| | | વરુણકુમાર ભરતભાઈ સુતરિયા |

**PRINTED MATTER** RNI - 22805 /1973 - SOATH VISHSHRIMALI (Gujarati - Monthly)
POSTED AT KALBADEVI HEAD POST OFFICE, MUMBAI - 400 002.

Printed & Published by Rajendra Ottamchand Punatar on behalf SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ Printed at Arihant Printing Press, Behind Trikal Bldg., 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No. 7, 2nd Floor, Mangaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA OTTAMCHAND PUNATAR